P.09

તુસાદ મ્યુઝિયમમાં રામ ચરણની મીણની પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે





ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in

LOK PATRIKA

RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા | સ્થાપના ૨૦૧૦ | વર્ષ : ૦૩ અંક : ૬૦ | વિક્રમ સંવત ૨૦૮૦ : ભાદરવો વદ ૧૪ | પાના - ૧૦ | કિંમત : ૪ | અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 60 • Dt. 01-10-2024 Tuesday • Page 10 • Price : Rs. 4 • City Office : Lok Patrika Media House, 72, City Centre, Nr. Swastik Cross Road, C.G. Road, Navrangpura, Ahmedabad 380009 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125



P.09

શાંતિ માટે તરસી, હવે ઘર છોડીને...',ઝહીર સાથે લગ્ન કરીને પસ્તાઈ સોનાક્ષી સિંહા!





શેર બજારમાં હાહા-કાર, સેન્સેક્સ ૧૩૦૦, નિફ્ટી ૩૭૦ પોઈન્ટ તૂટ્યો 09





01 OCTOBER- 2024 TUESDAY





09 પૃથ્વી પરથી બે ચંદ્ર દેખાયા! મિની મૂન બે મહિના સુધી ફરશે







**રાજ્ય સરકારની પહેલ |** ખેડૂતો 3 થી ૩૧ ઓક્ટોબર સુધી ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર ઓનલાઇન નોંધણી કરાવી શકશે

# મગફળી, મગ, અડદની ટેકાના ભાવે ખરીદી કરાશે

| પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૩૦ |

કૃષિ મંત્રી રાઘવજી પટેલે કહ્યું છે કે, ગુજરાતમાં લાભ પાંચમ બાદ તા. ૧૧મી નવેમ્બરથી ૯૦ દિવસ સુધી મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી થશે. ચાલુ વર્ષે મગફળીના બમ્પર ઉત્પાદનને લક્ષ્યમાં લઈને કેન્દ્ર સરકારના સહયોગથી રાજ્ય સરકારનું વિશેષ આયોજન કરવામાં આવશે. ખેડૂતો તા. ૩ થી ૩૧ ઑક્ટોબર સુધી ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરાવી શકશે. ગાંધીનગર ખાતે ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાના આયોજન અંગે ઉચ્ચસ્તરીય બેઠક કૃષિ મંત્રીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.૧૬૦થી વધુ ખરીદ કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે. આ કેન્દ્રો ખાતેથી ૯૦ દિવસ સુધી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે.

### ગુજરાતમાં ૧૧ નવેમ્બરથી ૯૦ દિવસ સુધી ખરીદી થશે

ટેકાના ભાવે ખરીફ પાકોનું વેચાણ કરવા માટે ખેડૂતોને અનુરોધ કરતા મંત્રી પટેલે કહ્યું હતું કે, ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવા માટે ખેડૂતોએ તા. ૦૩ ઓક્ટોબરથી ૩૧ ઑક્ટોબર,૨૦૨૪ દરમિયાન ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી ફઝઈ મારફત ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. રાજ્ય સરકાર દ્વારા મગફળી, મગ, અડદ અને સોયાબીનની ખેડૂતો પાસેથી પૂરતા પ્રમાણમાં ખરીદી કરવામાં આવશે, અને આ માટે રાજ્ય સરકાર દ્વારા પૂરતું આગોતરૂ આયોજન કરવામાં આવ્યું છે.

**ટ્રાફિક જામની સમસ્યાનો ઉકેલ લાવવા માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો**

## હયાત પુલ અને સ્ટ્રક્ચર્સ પહોળા કરવાની મંજુરી

| પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૩૦ |

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં માર્ગો પરના સાંકડા પુલ-સ્ટ્રક્ચર્સને પહોળા કરી ટ્રાફિક જામ થવાની સમસ્યામાંથી મુક્તિ માટેનો મહત્વપૂર્ણ પ્રજાલક્ષી નિર્ણય કર્યો છે. રાજ્યમાં ૨૦ જેટલા માર્ગો-રસ્તાઓ પર રોડની સાપેક્ષમાં સાંકડા હોય તેવા ૪૧ હયાત પુલ અને સ્ટ્રક્ચર્સ પહોળા કરવાની કામગીરી માટે મુખ્યમંત્રીએ ૨૪૫.૩૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.માર્ગ અને મકાન વિભાગ હવે આવા



સાંકડા પુલ અને સ્ટ્રક્ચર્સને રસ્તાઓની પહોળાઈને અનુરૂપ વાઈડનીંગ કરવાની કામગીરી હાથ ધરશે. રાજ્યમાં કુલ મળીને એવા ૪૧ પુલો કે સ્ટ્રક્ચર્સ છે જેની પહોળાઈ રસ્તાઓની પહોળાઈ કરતા સાંકડી છે. આના પરિણામે આવા પુલો-સ્ટ્રક્ચર્સ પર ટ્રાફિક જામ થવાની સમસ્યા ઊભી થાય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના ધ્યાને આ વિષય આવતા તેમણે લોકોને ટ્રાફિક જામની સમસ્યા ભોગવવી ન પડે તેમજ ઝડપી અને સલામત યાતાયાત થઈ શકે તે હેતુથી મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. મુખ્યમંત્રીએ તેના માટે ૨૪૫.૩૦ કરોડ રૂપિયા સાંકડા પુલો અને સ્ટ્રક્ચર્સના વાઈડનીંગ માટે ફાળવ્યા છે. મુખ્યમંત્રીના આ જન હિતકારી નિર્ણયથી આગામી દિવસોમાં રાજ્યના રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નેટવર્કમાં વધુ સુવિધાજનક નેટવર્ક નાગરિકોને ઉપલબ્ધ થશે અને ઈઝ ઓફ લિવિંગમાં વૃદ્ધિ થશે.



ભાજપના નેતા ઉપર હુમલાથી સનસનાટી મચી

## સાવરકુંડલાના ભાજપના નેતા ઉપર જીવલેણ હુમલો કરાયો

**ખડસલીમાં સરકારી જગ્યામાં પાણીનો સંપ બનાવવા મુદ્દે ભાજપના નેતા ચેતન માલાણી પર હુમલો થયો**

| પ્રતિનિધિ,અમરેલી,તા.૩૦ |

અમરેલી જિલ્લામાં ભાજપના નેતા પર જીવલેણ હુમલો થતાં સનસનાટી મચી ગઈ છે. તેના પગલે કાયદો અને વ્યવસ્થા પર પણ અનેક સવાલ સર્જાતા પોલીસ દોડતી થઈ ગઈ છે. હવે જો રાજકીય આગેવાનો પર જ આ પ્રકારના હુમલા થતાં હોય તો પછી સામાન્ય લોકોની તો શું સ્થિતિ થાય તેવા સવાલ લોકો ચોરેને ચૌટે પૂછી રહ્યા છે.

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ખડસલી ગામે ભાજપના નેતા પર જીવલેણ હુમલો થયો છે. ખડસલી ગામમાં સરકારી જગ્યામાં પાણીનો સંપ બનાવવા મુદ્દે ભાજપના નેતા ચેતન માલાણી પર હુમલો થયો હોવાની પ્રાથમિક માહિતી મળી છે.

જીવલેણ હુમલો થતા ચેતન માલાણી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. ત્યારબાદ તાત્કાલિક તેમને સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આના પગલે પૂર્વ સાંસદ નારણ કાછડીયા સહિતના રાજકીય આગેવાનો પણ હોસ્પિટલ દોડી ગયા છે.

ભાજપ નેતા ચેતન મલાણી પર હુમલો કોણે કર્યો છે ક્યા કારણે કરવામાં આવ્યો છે તે પોલીસ તપાસ બાદ સામે આવે છે. હાલ ભાજપ નેતા સારવાર હેઠળ છે. ચેતન માલાણી સાવરકુંડલા તાલુકા ભાજપના મહામંત્રી અને સાવરકુંડલા માર્કેટયાર્ડના ડિરેક્ટર છે. તેમને નારણ કાછડીયાના નજીકના નેતા પણ માનવામાં આવે છે.

હાલમાં તો ચેતન માલાણીની સારવાર ચાલી રહી છે અને તેમના પર હુમલાના સમાચાર મળતાં જ ભાજપના કાર્યકરો મોટાપાયા પર હોસ્પિટલ પર એકત્રિત થવા લાગ્યા છે. તેની સાથે પોલીસ પણ મામલો વધુ ન બીચકે તે માટે ઘટના સ્થળે અને હોસ્પિટલ પર પહોંચી ગઈ છે.

**પોલીસ ઘટના સ્થળે પહોંચી અકસ્માતની તપાસ કરી**

**લોકોએ પોલીસ અને એમ્બ્યુલન્સને અકસ્માતની જાણ કરી, તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા**

## બનાસકાંઠાના કાંકરેજમાં કારે પલ્ટી ખાતા અકસ્માતમાં ૧નું મોત, 3 ઘાયલ

| પાલનપુર,તા.૩૦ |

બનાસકાંઠાના કાંકરેજમાં ગોઠડા નજીક મોડી રાત્રે કારે પલ્ટી ખાતા અકસ્માતમાં એકનું મોત નિપજ્યું છે. ચાલકે સ્ટિરિંગ પરથી કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો, જેમાં ૩ ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. કારમાં સવાર લોકો સુરેન્દ્રનગરના પાટડીના મુલાડના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. કારનો અકસ્માત થતા લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પોલીસ અને એમ્બ્યુલન્સને અકસ્માતની જાણ કરા દેવામાં આવી હતી.

પોલીસ ઘટના સ્થળે પહોંચી અકસ્માતની તપાસ કરી રહી છે. તેમજ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મૃતકના મૃતદેહને પીએમ અર્થે દિયોદરની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. ઈજાગ્રસ્ત બે મહિલા અને એક પુરૂષને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.દરમિયાન ગુજરાતના દેવભૂમિ દ્વારકા જીલ્લામાં એક મોટો અકસ્માત, જ્યાં બસ અને બાઈક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ ભયાનક અકસ્માતમાં ૮ લોકોના કરૂણ મોત નીપજ્યા હતા અને અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. માહિતી મળતાં જ ઘટનાસ્થળે પહોંચી ગયેલી પોલીસે મૃતદેહોનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો અને ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કર્યા હતા.જયારે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર હાઈવે પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

**ત્રીદિવસીય ચિંતન બેઠક સોમનાથ ખાતે યોજાશે**

## સોમનાથ ખાતે નવેમ્બર મહિનામાં યોજાશે ભૂપેન્દ્ર પટેલ સરકારની ચિંતન બેઠક !

**સરકારના તમામ મંત્રીઓ, સચિવ, ઉચ્ચ અધિકારીઓ આ ચિંતન બેઠકમાં હાજર રહેશે**

| બ્યુરો,ગીરસોમનાથ,તા.૩૦ |

ગુજરાતની ભૂપેન્દ્ર પટેલ સરકારની ૨૧ નવેમ્બરથી ત્રીદિવસીય ચિંતન બેઠક સોમનાથ ખાતે યોજાશે. ગુજરાત સરકારના તમામ મંત્રીઓ, સચિવ, ઉચ્ચ અધિકારીઓ આ ચિંતન બેઠકમાં હાજર રહેશે. ગીર સોમનાથ જિલ્લાના સોમનાથ ૨૧-૨૨-૨૩ નવેમ્બરે ચિંતન બેઠકનું આયોજન કરાયું છે. ગત વર્ષે મે મહિનામાં ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતું. ૧૯ થી ૨૧ મે દરમિયાન કેવડિયા કોલોની ખાતે ચિંતન શિબિર યોજાઈ હતી. સોમનાથ ખાતે યોજાનાર ચિંતન



શિબિરમાં આરોગ્ય પોષણ શહેરીકરણ અને માળખાગત વિકાસ સરકારી કર્મચારીઓ માટે તાલિમ અને ક્ષમતા નિર્માણ ગ્રામ્ય વિસ્તારોમાં અને ક્ષમતા નિર્માણ શિક્ષણમાં ગુણાત્મક સુધારા અંગે ચર્ચા કરાશેઆ સિવાય સિસ્ટનેબલ ડેવલોપમેન્ટને લઈ અલગથી ચિંતન શિબિરમાં ચર્ચા કરાશે. જેમાં ખાસ કરીને સિસ્ટનેબલ ડેવલોપમેન્ટ માટે ૧૦ મુદ્દાઓ પર એક્શન પ્લાન તૈયાર થઈ શકે છે, જેમાં કોમ્યુનિટી એક્શન પ્લાન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કુપોષણ નિવારણ, પીવાનું શુદ્ધ પાણી, શૌચાલય, બિહેવિયર ચેન્જ કોમ્યુનિકેશન, ખોરાક અને પોષણમાં વિવિધતા, ગ્રામ્ય કક્ષાએ જરૂરી દવાઓની ઉપલબ્ધી, નવજાત બાળકોની કાળજી માટે ઘરગથ્થું ઉપાયો, બાળકોનું સંપૂર્ણ અને અસરકારક રસીકરણનો સમાવેશ થશે મહત્વનું છે કે ગત વર્ષ ચિંતન શિબિરમાં શિક્ષણ અને આરોગ્ય પર સૌથી વધુ ચર્ચા થઈ હતી.

**બર્ડ સેન્ચ્યુરી** | **અમદાવાદની એએમટીએસ બસ સેવાને નળસરોવર સુધી લંબાવામાં આવશે, તૈયારીઓ શરૂ કરાઈ**

## સહેલાણીઓને આકર્ષવા માટે નળ સરોવરનો વિકાસ કરાશે

| પ્રતિનિધિ, અમદાવાદ,તા.૩૦ |

અમદાવાદ જિલ્લામાં સાણંદ-બાવળા તાલુકા વિસ્તારને અડીને આવેલા નળ સરોવરનું લોકોમાં ભારે આકર્ષણ છે. આખા વર્ષ દરમિયાન ૬૦ હજારથી વધુ સહેલાણીઓ આવે છે. ખાસ કરીને શિયાળામાં દેશવિદેશથી આવતા અઢીથી ત્રણ લાખ પક્ષીઓને જોવા મોટી સંખ્યામાં સહેલાણીઓ આવતાં હોય છે. ત્યારે સહેલાણીઓની સંખ્યા વધારવા માટે ગુજરાત ટુરિઝમ વિભાગ દ્વારા નળ સરોવર વિસ્તારનો વિકાસ કરાઈ રહ્યો છે. જેમાં નળ સરોવર ખાતે બે એન્ટ્રી ગેટ, બોટીંગ, કાફેટ એરિયા,



જમવાની વ્યવસ્થા, પક્ષીઓને જોવા ખાસ વ્યવસ્થા, રિસેપ્શન સેન્ટર સહિતની સુવિધાઓ ઊભી કરાશે.

નળ સરોવર વિસ્તાર ફોરેસ્ટ વિભાગમાં આવે છે. જેથી સમગ્ર વિસ્તારમાં અવરજવરથી લઈ સંચાલન ફોરેસ્ટ વિભાગ દ્વારા જ કરાય છે. પરંતુ નવા નજરાણા બાદ નળ સરોવરોનું સંચાલન પીપીપી ધોરણે કરાય તેવી શકયતા છે. જેથી કરીને ઊભી કરાયેલી નવી સુવિધાઓની સારી રીતે જાળવણી થઈ શકે. ટુરિઝમ વિભાગના સુત્રો કહ્યું કે, નળ સરોવર વિસ્તારના વિકાસથી સ્થાનિક લોકોને રોજગારી મળશે. સાથો સાથ અમદાવાદ અને આસપાસના જિલ્લાઓને દેશ-વિદેશના જવલ્લેજ દેખાતા પક્ષીઓને જોવાનો લાભ મળી શકશે. ભવિષ્યમાં અમદાવાદની છસ્જી બસ સેવાને નળસરોવર સુધી લંબાવાશે.હાલ નળ સરોવરમાં બર્ડ સેન્ચ્યુરી સહેલાણીઓ માટે ખુલ્લું છે. પરંતુ સહેલાણીઓની સંખ્યા સામાન્ય છે. દિવાળીની રજાઓમાં સંખ્યા વધશે. દિવાળી પછી ઠંડીના ચાર મહિના અઢીથી ત્રણ લાખ પક્ષીઓની અવરજવર રહે છે, એટલે સહેલાણીઓના ટોળે ટોળાં આવતાં હોય છે. વહેલી પરોઢિયે સહેલાણીઓ આવે છે, કેટલાક અડધો દિવસ સુધી રોકાય છે. સાંજના સમય ઠંડક પ્રસરતા પક્ષીઓની અવરજવર રહેતી હોવાથી તેને જોવા માટે સહેલાણીઓ આવતાં હોય છે. નળ સરોવરને વિકસાવાની કામગીરી પૂર જોશમાં ચાલી રહી છે. આગામી જૂન-૨૦૨૫માં કામગીરી પૂરી થઈ જવાની શક્યતા છે. જેથી કરીને ઉનાળાના વેકેશનથી જ સહેલાણીઓને આકર્ષિત કરી શકાય. અત્યારે એન્ટ્રીગેટ તૈયાર થઈ ગયા છે, હવે બોટીંગ એરિયાથી લઈ અન્ય કામગીરી ચાલી રહી છે.




લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

## જિલ્લા સહકારી ક્ષેત્રની ચૂંટણીને લઇને જયેશ રાદડિયાએ મોટું નિવેદન આપ્યું

# જ્યાં ૧૦ ટકા ચૂંટણી થશે ત્યાં પણ આપણે જોઇ લેશું, ખિલ્લી હલવા નહિ દઉં : જયેશ રાદડિયા

### રાજકોટ જિલ્લા સહકારી બેંક સહિતની ૭ સહકારી સંસ્થાઓની સાધારણ સભા યોજાઈ : અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૩ ।

જિલ્લા સહકારી ક્ષેત્રની ચૂંટણીને લઈને જયેશ રાદડિયાએ મોટું નિવેદન આપ્યું છે. સહકારી વિભાગની ચૂંટણીઓને લઈને હુંકાર કર્યો કે, જિલ્લા બેંક સહિતની સહકારી ક્ષેત્રની ચૂંટણીમાં ખીલ્લી પણ હલવાની નથી. સહકારી ક્ષેત્રની ચૂંટણી ૯૦ બિનહરીફ થશે તેવો વિશ્વાસ અપાવુ છું. જ્યાં ૧૦ ટકા ચૂંટણી થશે ત્યાં પણ આપણે જોઈ લેશું. ખિલ્લી હલવા નહિ દઉં. જિલ્લાની ૯૫ ટકા સહકારી મંડળીઓ બિનહરીફ થઈ છે. જે ૫ ટકામાં ચૂંટણી થઈ ત્યાં પણ આપણી જ પેનલનો વિજય થયો છે.



ગત રોજ જામકંડોરણા ખાતે સાધારણ સભા યોજાઈ હતી. રાજકોટ જિલ્લા સહકારી બેંક સહિતની ૭ સહકારી સંસ્થાઓની સાધારણ સભા યોજાઈ હતી. સાધારણ સભાના કાર્યક્રમ અંતર્ગત મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જામકંડોરણા ખાતે હાજરી આપી હતી. ખુલ્લી જીપમાં સવાર મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા લોકોનું અભિવાદન ઝીલવામાં આવ્યું હતું. ખુલ્લી જીપમાં જયેશ રાદડીયા પણ સાથે રહ્યા હતા. આ પ્રસંગે ભરત બોઘરા, રામ મોકરીયા, કાંતિ અમૃતિયા, રાઘવજી પટેલ, દિલીપ સંઘાણી, રમેશ ટીલાળા, દુર્લભજી દેથરીયા સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા. જયેશ રાદડિયાએ સહકારી ક્ષેત્રમાં નવી યોજનાઓને પણ ખુલ્લી મુકી હતી. ત્યારે આ પ્રસંગે જિલ્લા સહકારી ક્ષેત્રની ચૂંટણીને લઈને જયેશ રાદડિયાએ સહકારી વિભાગની ચૂંટણીઓ મુદ્દે કહ્યું કે, જિલ્લા બેંક સહિતની સહકારી ક્ષેત્રની ચૂંટણીમાં ખીલ્લી પણ હલવાની નથી. જિલ્લાની ૯૫ ટકા સહકારી મંડળીઓ બિનહરીફ થઈ છે. જે ૫ ટકામાં ચૂંટણી થઈ ત્યાં પણ આપણી જ પેનલનો વિજય થયો છે.

જયેશ રાદડિયાએ કહ્યું હતું કે છેલ્લા સાત વર્ષથી હું સરકારી ક્ષેત્રનું માળખું સંભાળી રહ્યો છું, વર્ષ ૨૦૧૭માં જ્યારે વિઠ્ઠલભાઈનું નિધન થયું ત્યારે સહકારી માળખાનું શું થશે તે જિલ્લાભરના ખેડૂતો અને સભાસદોને પ્રશ્ન હતો, પરંતુ ગર્વ સાથે કહેવું પડે કે આ સહકારી માળખાને દેશની ઉંચાઈ પર લાવવાનો પ્રયાસ કર્યો છે. મારા પિતા સાથે કામ કરી રહેલા ડિરેક્ટરોએ પણ મારા પર વિશ્વાસ મુકીને હંમેશા ખેડૂતના હિતમાં નિર્ણય કર્યા છે. તાજેતરમાં સહકારી મંડળીઓની ચૂંટણી યોજાઈ હતી, જેમાં ૮૫થી ૯૦ ટકા મંડળીઓ બિનહરીફ થઈ હતી જે ૧૦ ટકા મંડળીઓમાં કોઈ કારણોસર ચૂંટણી થઈ તેમાં આપણા જ ટેકેદારો વિજય થયા છે. નજીકના દિવસોમાં સાત આઠ મહિનામાં જિલ્લા સહકારી બેંક, જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ સહિતની સહકારી વિભાગની ચૂંટણી આવશે.

તો મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સંબોધનમાં કહ્યું કે, રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ખેડૂત અને ખેતી મજબૂત બન્યા છે. સહકારથી સમૃદ્ધિ માટે રાજકોટ જિલ્લા સહકારી બેંક સહિતની ૭ સંસ્થાઓ કામકાજ કરી રહી છે. બેંકની કુલ થાપણ ૯,૦૦૦ કરતા પણ વધુ છે.

## અમદાવાદ-ઇન્દોર હાઇવે ઉપર દાહોદના જાલત નજીક અકસ્માત

। પ્રતિનિધિ,દાહોદ, તા.૩૦ ।

રાજ્યમાં સતત અકસ્માતોની વણઝાર વધતી જતી જાય છે. ત્યારે દાહોદના જાલત નજીક એક વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક-પછી એક ચાર ટ્રકો એકબીજા સાથે અથડાઈ હતી. જેમાં એક વ્યક્તિને ઈજા પહોંચતાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતની જાણ થતાં ડીવાયએસપી સહિત પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ-ઈન્દોર હાઈવે પર દાહોદના જાલત નજીક ભયંકર અકસ્માત સર્જાયો હોવાની ઘટના સામે આવી છે. જેમાં બે ટ્રકો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ત્યારે ત્રીજા ટ્રકના ચાલકે બે ટ્રક વચ્ચે થયેલા અકસ્માતના ટ્રક ચાલકને બહાર કાઢવા માટે ટ્રક ઉભી રાખી હતી, તે દરમિયાન ચોથા ટ્રકે તેને ધડાકાભેર ટક્કર મારી હતી. જેથી આ અકસ્માતમાં એક વ્યક્તિને ઈજાગ્રસ્ત થતાં તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

## જૂનાગઢમાં ચાર કલાકમાં આઠ ઇંચ વરસાદ ખાબક્યો,દામોદર કુંડ બે કાંઠે વહેતો થયો

। પ્રતિનિધિ, જૂનાગઢ,તા.૩૦ ।

જૂનાગઢમાં વરસાદનું રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યું છે. ગિરનાર પર ભારે વરસાદના કારણે ભવનાથ ક્ષેત્રમાં પૂરની પરિસ્થિતિનું નિર્માણ થયું હતું તો દામોદર કુંડ બે કાંઠે વહેતો થયો હતો.સોનરખ નદીમાં પાણીનો પ્રવાહ વધતા દામોદર કુંડમાં પૂરની પરિસ્થિતિનું નિર્માણ થયું હતું અને દામોદર કુંડ બે કાંટે વહેતો થયો હતો.હવામાન વિભાગની આગાહીને લઈને રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ત્યારે જૂનાગઢને ફરીવાર મેઘરાજાએ ધમરોળ્યું છે. ગિરનાર પર્વત પર રવિવારે સાંજના ૬ વાગ્યાથી લઈ ૧૦ વાગ્યા સુધી આઠ ઈંચ વરસાદ નોંધાયો છે તો શહેરી વિસ્તારમાં ચાર ઈંચ જેટલો વરસાદ પડતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. જૂનાગઢ શહેરમાં વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ શરૂ થયો હતો.

## શારીરિક સંબંધ બાંધતા યુવતી મોતને ભેટી ! પ્રેમી પર લાગ્યો આરોપ

। પ્રતિનિધિ, નવસારી,તા.૩૦ ।

જિલ્લામાં એક યુવતીના મોતની ઘટના સામે આવી છે. જેમાં નવસારી જિલ્લાના હોટલમાં યુવતીના ભેદી સંજોગોમાં મોત મામલે પોલીસે ખુલાસો કર્યો છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ શરીર સંબંધ બાંધતી વખતે યુવાન પ્રેમીએ યુવતીના શરીરમાંથી રક્તસ્ત્રાવ થતો હોવા છતાં સમયનો વેડફાટ કરી પોતાને બચવાનો પ્રયાસ કર્યો હતો, જેથી યુવતીનું મોત નીપજ્યું હતું. આ મામલામાં પીએમ રિપોર્ટ આવ્યા બાદ જલાલપુર પોલીસે યુવાન પ્રેમી વિરુદ્ધ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી છે.

પોલીસ દ્વારા મળતી વિગતો મુજબ તા. ૨૩ સપ્ટેમ્બરના રોજ બપોરે ૨:૦૦ વાગ્યે આસપાસ ચીખલીના નોગામા ગામમાં રહેતા યુવાનએ પોતાની પ્રેમિકાને લઈને નવસારી શહેરમાં આવેલી હેપી સ્ટે હોટલમાં શરીર સંબંધ બાંધવા માટે આવ્યો હતો. જે પ્રકરણમાં યુવાને પ્રેમિકા યુવતી સાથે શરીર સંબંધ બાંધવા દરમિયાન યુવતીના શરીર ગુપ્ત ભાગે વધુ પડતું રક્તસ્ત્રાવ થતા યુવાને આ પરિસ્થિતિમાંથી કઈ રીતે બહાર આવવું તે માટે ર્પ્ક્ષ્ઞ્ની સર્ચ કર્યું હતું. જેમાં ૨ કલાકથી વધુનો સમય વેડફાટ થતાં યુવતીનું મોત થયું હતું. જે પ્રકરણમાં જલાલપુર પોલીસે મૃતક પિતાની ફરિયાદના આધારે યુવાનની ધરપકડ કરી હતી.

## ટ્રાફિક નિયમન લઈને તંત્રે વધુ કડક વલણ અપનાવ્યું

# વ્હીકલ ચલાવતા વિદ્યાર્થીઓ સામે તંત્રની લાલ આંખ, નિયમ ભંગ કરનાર સામે કાર્યવાહી થશે

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૩૦ ।

અમદાવાદમાં ટ્રાફિકને લઈને વહીવટીતંત્ર વધુ સતર્ક થયું છે. તહેવારોની સિઝનમાં માર્ગો પર ટ્રાફિક વધ્યો છે. ત્યારે સામાન્ય નાગરિકો અને કર્મચારીઓથી લઈને શાળાના વિદ્યાર્થીઓ સુધી ટ્રાફિક નિયમન લઈને તંત્રે વધુ કડક વલણ અપનાવ્યું છે. ખાસ કરીને શાળાના સગીર વિદ્યાર્થીઓ કે જેઓ ટુ-વ્હીલર લઈને ફરતા હોય છે તેમના પર પોલીસની બાજ નજર રહેશે. આ સંદર્ભે ટ્રાફિક પોલીસ દ્વારા અમદાવાદની કેટલીક શાળાઓમાં આ મુદ્દે ચકાસણી હાથ ધરાઈ હતી.

આરટીઓ ટ્રાફિક વિભાગ ડીઈઓ અને ફાયર વિભાગની સંયુક્ત ટીમ દ્વારા શહેરમાં જુદા-જુદા વિસ્તારમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. સેટેલાઈટની નારાયણગુરુ વિદ્યાલય, શાહીબાગની રાજસ્થાન હિન્દી હાઈસ્કૂલ, ગીરધરનગરની સંસ્કાર વિદ્યાનિકેતન હાઈસ્કૂલમાં ટ્રાફિક નિયમન અને શાળાઓમાં ટુ-વ્હીલર લઈને જતા વિદ્યાર્થીઓ સાથે વાલીઓનું પણ ચેકિંગ કર્યું હતું. ટ્રાફિક નિયમનને લઈને શહેરમાં જુદા-જુદા વિસ્તારમાં કેટલીક શાળાઓ આકસ્મિક ચેકિંગની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં સામે આવ્યું કે સગીર વિદ્યાર્થીઓ બેરોક-ટોક શાળાએ પંહોચવા ટુ-વ્હીલર ચલાવતા નજરે પડ્યા. આ ચેકિંગમાં એ પણ સામે આવ્યું કે સગીર વિદ્યાર્થીઓ બેફામ વાહન હંકારે છે તેમજ બાઈક ચલાવવાનો વીડિયો બનાવવા અવનવી સ્ટાઈલ કરી રહ્યા છે. તો વાલીઓ પણ હેલમેટ વગર બાળાકોને શાળામાં મૂકવા આવતા હોવાનું સામે આવ્યું. ડીઈઓ કચેરીથી ટ્રાફિક નિયમ અને શાળાકીય નિયમો ભંગ કરનાર વિદ્યાર્થીઓ અને વાલીઓ સામે કાર્યવાહીના આદેશ કરાયા છે.નોંધનીય છે કે આ સપ્તાહથી નવરાત્રિનો તહેવાર શરૂ થવા જઈ રહ્યો છે. દરમ્યાન સગીર વિદ્યાર્થીઓ ટ્રાફિક નિયમનમાં ધ્યાન રાખે તે ઉદેશ્ય હેતુ વહીવટીતંત્ર દ્વારા શાળાઓમાં આકસ્મિક ચેકિંગ હાથ ધરાયું હતું. તેમજ આ ચેકિંગમાં જે વિદ્યાર્થીઓ અને વાલીઓ નિયમનો ભંગ કર્યો હોવાનું સામે આવ્યું છે તેમની સામે કાર્યવાહી થશે.

## પાટણમાં ગુજરાત ક્ષત્રિય ઠાકોર સમાજનું શક્તિ પ્રદર્શન યોજાયું

। પ્રતિનિધિ,પાટણ,તા.૩૦ ।

બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોરના સન્માન સમારોહ સાથે ઉત્તર ગુજરાત ક્ષત્રિય ઠાકોર સમાજનું શક્તિ પ્રદર્શન પાટણના પ્રગતિ મેદાન ખાતે યોજાયું હતું. જેમાં પ્રદેશ પ્રભારી મુકુલ વાસનીક, શક્તિસિંહ ગોહિલ, અમિત ચાવડા, જગદીશ ઠાકોર સહિત કોંગ્રેસના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ ઠાકોર સમાજની જનમેદની ઉમટી હતી.સાંસદ ગેનીબેન ઠાકોરના સન્માન સમારોહમાં ઉત્તર ગુજરાતના ક્ષત્રિય ઠાકોર સમાજને સંગઠિત કરી કોંગ્રેસે ૨૦૨૭ લોકસભા ચૂંટણીની તૈયારી કરી લીધી હોય તે પ્રકારનો માહોલ ઉભો થવા પામ્યો હતો. તેમજ ગેનીબેનના સન્માન સમારોહ કાર્યક્રમમાં કોંગી નેતાઓ દ્વારા મુખ્યત્વે ર્ંમ્ઝ્ર અનામત તેમજ વસ્તી આધારે ગણતરી કરી અનામતમાં વધારો કરી બજેટ ફાળવવામાં આવે તેવી માંગ કરી હતી. તેમજ દાહોદમાં બાળકી સાથે બનેલ ઘટના બાબતે ભાજપ પર પ્રહાર કર્યા હતા.

## દાહોદમાં દુષ્કર્મના ઇરાદે ૬ વર્ષીય બાળકીની આચાર્યએ હત્યા કરી

। પ્રતિનિધિ,દાહોદ,તા.૩૦ ।

શિક્ષક એટલે બાળકોને ભવિષ્યની નવી રાહ ચીંધનાર ગુરૂ, પરંતુ આજના સમયમાં કેટલાક શિક્ષકોએ ગુરૂ-શિષ્યના સંબંધ પર કલંક લગાવ્યો છે. દાહોદમાં આવી જ એક લંપટ શિક્ષકોની ઘટના સામે આવી છે. દાહોદની તોરણી શાળાના આચાર્ય ગોવિંદ નટે દુષ્કર્મના ઈરાદે ૬ વર્ષીય બાળકીને મોતને ઘાટ ઉતારી દીધી છે.પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં બાળકીનું મોઢું દબાવીને હત્યા થઈ હોવાનો ખુલાસો પણ થયો છે. બાળકીની હત્યાથી શિક્ષણ જગતમાં ચકચાર મચી છે. તો, બીજી તરફ બોટાદના ઢસાની શાળામાં એક લંપટ શિક્ષક આનંદ જાનીએ બાળકી સાથે શારિરીક અડપલા કર્યા હતા. જેનો વીડિયો વાયરલ થતાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે. બંને ઘટનાના દોષિત આરોપીઓને રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયાએ સસ્પેન્ડ કર્યા છે.



ગૃહ વિભાગના નિર્દેશથી એસઆઈટીની રચના કરવામાં આવી

# મહેસાણામાં ખળભળાટ મચાવનારા ડબ્બા ટ્રેડિંગની તપાસ માટે એસઆઈટીની રચના

## એસ.આઈ.ટી.એ. આ મામલે છેલ્લા ૧૦ દિવસમાં ૪૫ આરોપીને દબોચી લીધા

। પ્રતિનિધિ, મહેસાણા, તા.૩૦ ।

મહેસાણા જિલ્લાને હચમચાવી મુકનાર ડબ્બા ટ્રેડિંગ મામલે ગૃહ વિભાગના નિર્દેશ બાદ ગાંધીનગર રેન્જ આઈ જી દ્વારા એસ આઈ ટી ની રચના કરવામાં આવી છે.મહેસાણા જિલ્લામાં વડનગર,ખેરાલુ,સતલાસણા ડબ્બા ટ્રેડિંગનું એપી સેન્ટર છે.છેલ્લા બે વર્ષમાં ઉત્તર પ્રદેશ,હરિયાણા,રાજસ્થાન અને દિલ્હી જેવા રાજ્યના શેર બજારના રોકાણકારોને ટાર્ગેટ કરી કરોડોની ઠગાઈ થઈ હોવાના આ કૌભાંડમાં હવે ચોંકાવનારા ખુલાસા થયા છે.એસ આઈ ટી એ આ મામલે છેલ્લા ૧૦ દિવસમાં ૪૫ આરોપીને દબોચી લીધા છે.




વડનગર,વિસનગર,ખેરાલુમાં અને સતલાસણા તાલુકામાં બેરોજગાર યુવાનોને ટાર્ગેટ કરી ગેરકાયદે કોલ સેન્ટર ચલાવી ઠગાઈ આચરવાનું આ કૌભાંડ કોઈ ફિલ્મી કહાનીની કમ નથી. બેરોજગાર યુવાનોને ટાર્ગેટ કરી ખુલ્લા ખેતરોમાં ચાલતા કોલ સેન્ટરો દ્વારા ઠગાઈનો આંક ૧૦૦ કરોડ કરતા પણ વધુ હોવાનો પણ પોલીસ દ્વારા અંદાજ મુકવામાં આવ્યો છે.શેર બજારમાં રોકાણકારોનું લિસ્ટ મેળવી કોઈ પ્રોફેશનલ એડવાઈઝ આપે તે રીતે વિશ્વાસમાં લઈ કરોડો રૂપિયા સેરવી લેવાના આ કૌભાંડમાં નીત નવા ખુલાસા હવે થઈ રહ્યા છે.ગઠિયાઓએ ગામડાના ગરીબ લોકોને ૨૦૦૦ રૂપિયા આપવાની લાલચ આપી ડોક્યુમેન્ટ મેળવી લઈ ૪૨ જેટલા એકાઉન્ટ ખોલી ૨૭ કરોડ રૂપિયાનું ટ્રાન્સજેક્શન થયું હોવાનું હાલ પોલીસ તપાસમાં સામે આવ્યું છે.આ તમામ એકાઉન્ટ મહેસાણા જિલ્લાની બેંકોમાં ખોલવામાં આવ્યા હોવાનું અને ગઠિયાઓએ રોકડ રકમ ઉપાડી લીધી હોવાનો પણ ખુલાસો થયો છે.તો હજુ પણ ૯ કેસની તપાસ બાકી છે.જેમાં ઠગાઈનો આંક ૧૦૦ કરોડને વટાવી જાય તેવી શક્યતા છે.

વિસનગર, વડનગર, ખેરાલુ અને સતલાસણા ચાર તાલુકાઓમાં શેરબજારના નામે લોકોને ટિપ્સ આપી ખાનગી મકાન, ખેતર અને કારમાં બેસી મેળવેલ કોન્ટેક્ટ લિસ્ટના સંપર્કો કરી આ કૌભાંડ આચરવામાં આવ્યું છે. વધુ રૂપિયા રળવાની લાલચ આપીને નાણાં રોકાવી કોઈપણ જાતના લાયસન્સ વિના શિક્ષિત અને અભણ લોકો દ્વારા ડબ્બા ટ્રેડિંગ ચલાવવામાં આવી રહ્યું છે. માત્ર ફોન કરીને કરોડો રૂપિયા ખાતામાં જમા થયા બાદ તે ઉપાડી લઈ છેતરપિંડી કરવામાં આવી છે. અત્યાર સુધીની તપાસમાં એચડીએફસી, એસબીઆઈ, બેક્ક ઓફ બરોડા, એક્સિસ બેક્ક, બંધન બેક્ક સહિતની બેંકોમાં ખોલવામાં આવેલા ૪૨ જેટલા ખાતાઓમાં ૨૭ કરોડ રૂપિયા લોકોના ટ્રાન્સફર થયા છે. આગામી દિવસોમાં જે ખાતામાં રૂપિયા ટ્રાન્સફર થયા છે તે તમામ બેંકોના અધિકારી અને કર્મચારીઓની પૂછપરછ થશે અને જરૂર જણાશે તો ટીમ દ્વારા તેમની ધરપકડ પણ કરાશે.

અમદાવાદમાં સાઇબર ક્રાઈમ અવેરનેસનું આયોજન કરાયું

# સાયબર ક્રાઇમના ભોગથી કેવી રીતે બચવું ? તે અંગે કાર્યક્રમનું આયોજન

। સીટી રિપોર્ટર, અમદાવાદ, તા.૩૦ ।

ડીઝલ લોકો કેર સેન્ટર સાબરમતી અમદાવાદ ખાતે રેલવે વિભાગ સાબરમતી લોકોમોટીવ શેડના અધિકારીઓ તેમજ કર્મચારીઓ સાયબર ક્રાઈમથી અવગત થાય તેમજ કોઈ કર્મચારી સાયબર ક્રાઈમનો ભોગ બનેલ હોય તો તેનાથી કેવી રીતે બચવું કેવી રીતે સાવધાન રહેવું તેમજ સાયબર ક્રાઈમ ન થાય તે અંગે કયા કયા મુદ્દાઓને ધ્યાનમાં રાખવાના છે. તેમજ નાગરિકો સાઈબર ક્રાઈમ હેલ્પલાઈન નંબરનો સરળ રીતે ઉપયોગ કરી શકે છે તે અંગેની જાણકારી આપવા હેતુથી સાઈબર ક્રાઈમ અવેરનેસનું આયોજન કરવામાં આવ્યું.



જે કાર્યક્રમમાં રેલવે વિભાગના અધિકારીશ્રી તેમજ કર્મચારીઓને સાઈબર ક્રાઈમ વિશે વિસ્તૃત માહિતી સ્ટેટ સાયબર ક્રાઈમ સેલના સાયબર પ્રમોટર અને રાષ્ટ્રીય સ્કાઉટ ગાઈડના ઓર્ગેનાઈઝિંગ કમિશનર તેમજ ડાયરેક્ટ તાલીમ સાયબર સિક્યુરિટી ફોર્સ વિશાલ શાહ દ્વારા આપવામાં આવી હતી.

# સુરત મ્યુનિ.ના કોર્પોરેટર બે કરોડનો હપ્તા માંગતા પકડાયાનો આરોપ

। પ્રતિનિધિ, સુરત, તા.૩૦ ।

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના કોર્પોરેટર દારૂની દુકાનો અને જુગારીઓ પાસેથી પૈસા પડાવતો હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. સુરતના પાંડેસરા વિસ્તારના શરદ પાટીલ નામના ભાજપના કાઉન્સિલરે મહિલા બૂટલેગર પાસે રૂપિયાની માંગણી કરતો વીડિયો વાયરલ થયો છે ત્યારથી એવું કહેવામાં આવી રહ્યું છે કે કાઉન્સિલર પૈસા લેવા માટે દારૂની હેરાફેરી કરનાર પાસે ગયો હતો. મંતવ્ય ન્યૂઝ આ વાઈરલ વિડીયોની પુષ્ટિ કરતું નથી.ભારતીય જનતા પાર્ટીના નગરસેવક શરદ પાટીલ પાંડેસરા વિસ્તારમાં ચાલતા દારૂના ઠેકાણાઓમાંથી હપ્તા વસૂલતા હોવાનો વીડિયો સામે આવ્યો છે. જ્યારે ભૂષણ પાટીલને દારૂની દુકાનો પર હપ્તો લેવા માટે તેની સાથે લઈ જવામાં આવ્યો હતો, ત્યારે આરોપ છે કે દારૂ વેચતી મહિલાને આ નગરસેવક અને તેના સાગરિત દ્વારા સતત ત્રાસ આપવામાં આવતો હતો.







## તંત્રી લેખ..

# દોષિત નેતાઓ વધ્યા છે

દેશભરમાં હાલમાં વોટબેંકની રાજનીતિ સતત ચાલી રહી છે. આ રાજનીતિના કારણે જ જુદા જુદા રાજ્યોમાં સક્રિય રહેલા જુદી જુદી રાજકીય પાર્ટીના નેતા અપરાધિકરણની દિશામાં હાલ આગળ વધી રહ્યા છે. દેશમાં અપરાધી રાજનેતાઓના કારણે ભારતીય રાજનીતિની છાપ સૌથી ખરાબ થઈ છે. અપરાધી નેતાઓ પર અંકુશ કઈ રીતે મુકવામાં આવે તેને લઈને કેટલાક નિષ્ણાંતો વારંવાર પોત પોતાના અભિપ્રાય રજૂ કરતા રહ્યા છે. જાણકાર લોકો માને છે કે ભારતીય રાજનીતિની સૌથી ખરાબ છાપ અપરાધીકરણના કારણે રહી છે. કોઈ સમય શિસ્ત અને નૈતિકતા માટે જાણીતી રહેલી રાજનીતિ આજે વોટબેંકની દિશામાં આગળ વધી છે. હવે વોટબેંકને મજબુત કરવાની નીતી અપનાવવામાં આવી રહી છે. આ જ રમતના કારણે નૈતિકતાના તમામ સિદ્ધાતો આજે હવા થઈ ગયા છે. અપરાધીકરણની સ્થિતી મજબુત બની ગઈ છે. શહાબુદ્દીન જેવા લીડરો હિરો બની ગયા છે. જે લોકશાહી માટે કંલગ સન્માન છે. આ કંલકને સાફ કરવા માટે કોર્ટ દ્વારા કાયદામાં સુધારા તો કરવામાં આવ્યા છે પરંતુ કોર્ટના પગલા પુરતા નથી. ભારતીય રાજનીતિમાં રાજકીય બિરાદરી અપરાધીકરણને સુરક્ષિત રાખવા માટે કામ કરે છે. તેમની હિમ્મત એટલી હદ સુધી વધી ગઈ છે કે તે જનતાની અવગણા કરીને અપરાધીઓને પાર્ટીમાં રાખવા માટે તમામ પ્રયોગ પણ કરે છે. રાજનેતા માનવા લાગ્યા છે કે અપરાધીઓને લાવીશુ તો પણ લોકો કંઈક કરી શકશે નહી. કારણ કે સામાન્ય લોકોને આ જ લોકો પૈકી એક વ્યક્તિને પંસદ કરવાની જરૂર પડનાર છે. રાજકીય પક્ષો દ્વારા પ્રજાની નબળાઈનો લાભ લેવામાં આવી રહ્યો છે. જનતાના વિચાર, પસંદ રજૂ કરવાના અધિકાર ઓછા કરવામાં આવે તેવી માનસિકતા સાથે રાજકીય પક્ષો કામ કરે છે. ચૂટણી પાંચ વર્ષમાં એક વખત થાય છે અને પ્રજા પાંચ વર્ષમાં માત્ર એક વખત તેમના અભિપ્રાય વ્યક્ત કરે છે.ભારતમાં વ્યવસ્થા હાલમાં એક વખતે જો કોઈ નેતા જીતી ગયા તો આગામી ચૂટણી સુધી તે પ્રજાની વચ્ચે જતા નથી. પ્રજા સાથે તેના કોઈ લેવાદેવા રહેતા નથી. તેમના પ્રયાસ એ છે કે તેમની પસંદગીને મર્યાદિત કરી દેવામાં આવે. કોઈ રાજકીય પક્ષ એક વખત જો કોઈ અપરાધીને તક આપે છે અને તે જો જોડતોડ મારફતે ચૂટણી જીતી જાય છે તો ત્યારબાદ પ્રજા કઈ પણ કરી શકે નહી. રાજકીય દળો તેને સ્થાપિત કરવામાં લાગી જાય છે. દરેક રાજકીય પક્ષ ચોક્કસ પાર્ટીના લોકોના હાથમાં હોય છે. લાલુ યાદવ, શાહબુદ્દીન અને અન્ય ટોપના નેતા કેટલાક કેસોમાં ફસાયા હોવા છતાં મોટા કદના નેતા તરીકે રહ્યા છે. લાલુ હજુ આરજેડીના સૌથી મોટા નેતા તરીકે છે. રાજનીતિમાં અપરાધિકરણને રોકવા માટે તરત નક્કર પગલા લેવામાં આવે તે જરૂરી છે. સરકાર અને રાજકીય પક્ષોની ઈચ્છા વગર આ કામ શક્ય નથી. કારણ કે જો રાજકીય પક્ષો સ્વચ્છ અને ઈમાનદાર લોકોને જ મેદાનમાં ઉતારશે તો તમામ રાજકીય પક્ષોમાંથી આ દુષણ પોતાની રીતે જ દુર થઈ જશે. સૌથી મોટી બાબત રાજકીય ઈચ્છાશક્તિની રહેલી છે. વોટબેંકની રાજનીતિથી ઉપર ઉઠીને કામ કરવુ પડશે.

## થોડું હટકે...

# મલ્ટીપલ એકાઉન્ટ રાખવાનો ક્રેઝ છે

મોટા ભાગના લોકો જીમેલ, આઉટલુક અથવા તો યાહુ જેવા સર્વિસ પ્રોવાઈડર્સની સાથે મલ્ટીપલ ઈમેલ એકાઉન્ટ સ રાખે છે. તેમને સંબંધિત વેબસાઈટ અથવા તો મોબાઈલ એપ્સની મદદથી ઓનલાઈન ઉપયોગ કરી શકાય છે. મલ્ટીપલ એકાઉન્ટસને મેનેજ કરવાની એક સમસ્યા હોઈ શકે છે. આવી સ્થિતીમાં એક ઈમેલ ક્લાઈન્ટ ઉપયોગી સોલ્યુશન બની શકે છે. જે એક સ્થાન પર આપના તમામ મેસેજ સિંક કરી નાંખે છે. ઈમેલ ક્લાઈન્ટ વધારાના ફિચર જેમ કે વધારાની સુરક્ષા મેસેજ બ્રેક અપ જેવી પણ ઓફર કરે છે. કેટલાક શાનદાર ઈમેલ ક્લાઈન્ટસ રહેલા છે. જે અંગે લોકો પાસે હાલમાં એટલી માહિતી રહેલી નથી. આ ઈમેલ ક્લાઈન્ટ ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓ જેમ કે અવિસ, મેકડોનાલ્ડ અને ટોયાટા દ્વારા ઉપયોગ કરવામાં આવે છે. તેમાં અનેક ફિચર રહેલા છે. જેમ કે કેલેન્ડર, કોન્ટેકટસ અને ચૈટનો સમાવેશ થાય છે. આ તમામ મોટી ઈમેલ સર્વિસ જેમ કે જીમેલ, યાહુ, આઈક્લાઉડ અને આઉટલુક ડોમ કોમ માટે સપોર્ટ કરે છે. તેના લેટેસ્ટ વર્જન પીજીપી ઈન્ક્રીપ્શન, લાઈવ બેક અપ અને જીમેલ માટે ઓટો રિપ્લાઈ ઓફર કરે છે. આ ફ્રી ટિયર છે. પરંતુ કોમર્શિયલ ઉપયોગ માટે પ્રો વર્જન જરૂરી છે. ઈમ ક્લાઈન્ટ શાનદાર ઈમેલ ક્લાઈન્ટ તરીકે રહે છે. આવી જ રીતે મેલબર્ડ પ્રો ઈમેલ ક્લાઈન્ટ મલ્ટીપલ એકાઉન્ટસને મેનેજ કરવામાં સમય બચાવી લે છે. તે ઈમેલને સુન્દર બનાવે છે. તે ઈમેલને વધારે શાનદાર અને યોગ્ય બનાવે છે. ઈમેલને વધારે કસ્ટમાઈઝ કરવા માટે અનેક ફ્રી થીમ્સની ઓફર કરે છે. તે અનેક પ્રકારના ઈન્ટીગ્રેટેડ એપ્સ જેમ કે વ્હાટ્સ ઓપ, ગુગલ ડોક્સ, ગુગલ કેલેન્ડર, ફેસબુક, ટ્વિટર , ડ્રોપ બોક્સ અને સ્લેકને સપોર્ટ કરે છે. તેની મદદથી સામાન્ય યુઝર તેમના ઈનબોક્સને શાનદાર બનાવી શકે છે. જાણકાર લોકો અને બજાર સાથે જોડાયેલા કારોબારી લોકો કહે છે કે માઈક્રોસોફ્ટના આઉટલુકને મોટા ભાગે બિઝનેસ અને એન્ટરપ્રાઈઝ માટે વધારે ઉપયોગી ગણવામાં આવે છે. આ ક્ષેત્રમાં તેનો ઉપયોગ સૌથી વધારે કરવામાં આવે છે. આ અન્ય માઈક્રોસોફ્ટ સર્વિસેઝની સાથે ઈન્ટીગ્રેટેડ છે. આ ઈમેલ સર્વિસને મેસેજના સિમ્પલ એક્સચેંજની સાથે ખુબ દુર લઈને જાય છે. આઉટલુકની સાથે વધારો ફાયદો એ છે કે તે આઉટલુક કેલેન્ડરની સાથે પૂર્ણ રીતે ઈન્ટીગ્રેટેડ છે. આના કારણે મિટિંગ્સના કોર્ડિનેશન માટે કેલેન્ડર શેયર કરી શકાય છે. તે ઈન્ટીગ્રેશન આઉઈટલુક કોન્ટેક્ટસ સુધી રહે છે. તે માઈક્રોસોફ્ટ ઓફિસ સ્યુટની જેમ તેના એક હિસ્સા તરીકે છે. આને સ્ટેન્ડ અલોન ઓફિસ ૨૦૧૬ અથવા તો સબ્સક્રિપ્શન આધારિત ઓફિસ ૩૬૫ તરીકે ખરીદી શકાય છે. આવી જ રીતે ઈન્કીમાં પણ અનેક પ્રકારની સુવિધા રહેલી છે. આ ઈમેલ ક્લાઈન્ટ સિક્યોરિટી પર વધારે ધ્યાન કેન્દ્રિત કરે છે.



આજકાલ

લેખક : દીપક જગતાપ

## ૨૩ સપ્ટેમ્બર, સંપાત દિવસ : આજે દિવસ-રાત સરખા, કાલથી દિવસ ટૂંકો અને રાત્રિ લાંબી થશે

**પૃથ્વી ઉપર દિવસ-રાત, ગરમી-ઠંડી વગેરેનો અનુભવ ભૌગોલિક કારણોથી થાય છે જો પૃથ્વીની ધરી સીધી હોત તો દિવસ રાત બાર કલાક અને ઋતુઓનો પણ અનુભવ ન થાત. પૃથ્વી ભમરડાંની જેમ સીધી ધરી પર નહીં પણ સૂર્યની ફરતે ૨૩.૫ ડિગ્રી ઝૂકેલી રહીને યુગો યુગોથી પ્રદક્ષિણા કરતી રહી છે**

# ૩૬૫ દિવસમાં દિવસ -રાત સરખા બે વખત અને લાંબો દિવસ અને રાત-દિવસ ટૂંકો વગેરે ખગોળીય ઘટનાના કારણે જોવા મળે છે

**શરદ ઋતુમાં ઈક્વીનોક્સ દરમિયાન સૂર્ય સીધા ભૂમધ્ય રેખા પર ચમકે છે અને ઉત્તર અને ગોળાર્ધમાં સમાન માત્રામાં કિરણો મળે છે કહેવાય છે કે ૨૧ માર્ચે જ્યારે ઈક્વીનોક્સ (વિષુવ)ની સ્થિતિ બને છે ત્યારે ગરમીની ઋતુની શરૂઆત થાય છે**

સામાન્ય રીતે આમ જનતાને તો દિવસ એટલે સૂર્યનો ઉદય અને રાત એટલે સૂરજનો અસ્ત એટલી જ સમજ હોય છે. વળી, પ્રત્યેક દિવસ અને રાત એક જ સરખાં હોય છે. એટલે કે દરેક દિવસનો અને દરેક રાત્રિનો સમય એક જ સરખો હોય એવું પણ માનતા-સમજતા હોય છે. હા,જૂની પેઢીના લોકોને એટલી જાણકારી હોય છે કે શિયાળાના દિવસો ટૂંકા અને રાત લાંબી હોય. આ ખગોળીય પરિવર્તનને સરળ રીતે સમજીએ તો અમુક ચોક્કસ દિવસ અને ચોક્કસ રાતનો સમય જ એકસરખો હોય. તો વળી, અમુક દિન આખા વરસમાં સૌથી લાંબો હોય, જ્યારે અમુક દિવસ આખા વર્ષમાં સૌથી નાનો એટલે કે ટૂંકો પણ હોય છે.

વર્ષના ૩૬૫ દિવસમાંએક દિવસ એવો આવે છે જેમાં દિવસ-રાત સરખા થઈ જાય છે.એટલે કે ૧૨કલાક નો દિવસ અને ૧૨કલાક ની રાત. એ પછી બીજે દિવસથી રાત્રિ ટુંકી અને દિવસ ટુંકાનો અનુભવ ખગોળીય ઘટનાના કારણે જોવા મળે છે જેમાં સંપાતની મહત્વની ભૂમિકા છે.આ દિવસને સંપાત દિવસ કહે છે.

આજે ૨૩મી સપ્ટેમ્બરે સંપાત દિવસછે. આવતી કાલથી દિવસ ટૂંકો થવા લાગશે અને રાત્રી લાંબી થશે. શિયાળાની શરૂઆત થશે.

૨૩મી સપ્ટેમ્બરે દિવસ-રાત સરખાનો લોકો અનુભવ થયો હશે.તેમાં સૂર્યનો ક્રાંતિવૃત અને આકાશી વિષુવવૃત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ છેદ બિંદુને સંપાત દિવસ કહેવામાં આવે છે. ભારતના લોકોએ માર્ચની ૨૧મીએ દિવસ અને રાત સરખા હોવાનો અનુભવ કર્યો હતો અને તા. ૨૧મી જુને લાંબામાં લાંબો દિવસનો અહેસાસ કર્યા પછી શુક્રવાર તા. ૨૩મી સપ્ટેમ્બરે શરદ સંપાતના કારણે દિવસ અને રાત સરખા હોવાનો અદ્દભુત અનુભવ માણવા મળશે. ૧૨ કલાકની દિવસ અને ૧૨ કલાકની રાત્રિ શુક્રવારે જોવા મળશે.



આજે દિવસ-રાત સરખા થયા બાદ આવતીકાલથી થી દિવસ રોજ સેકન્ડ કે તેના આંશિક ભાગના સમય માટે ટૂંકો થતો જશે, એટલે કે એટલો સમય સૂર્યોદય મોડો થશે અને એકંદરે દિવસ ટૂંકો અને રાત્રિ લાંબી થશે.

વર્ષમાં કેમ બે વાર દિવસ અને રાત સમાન હોય છે?એ જાણવા જેવું છે. સૌર મંડળમાં સૂર્ય ગ્રહની ભૂમિકા હવામાનમાં ફેરફાર માટે સૌથી મહત્વનુ માનવામાં આવે છે. સૂર્ય બધા ગ્રહોનો રાજા છે. વિજ્ઞાન અનુસાર સૂર્ય સૌરમંડળમાં પોતાના નિર્ધારિત કક્ષમાં સતત એકગતિથી ચક્કર લગાવે છે. સૂર્યની દિશા ઉત્તરથી દક્ષિણ રહે છે. વળી, પૃથ્વી પોતાની ધરી પર ૨૩.૫ ડિગ્રી ઝૂકેલી રહે છે અને સૂર્યની ચારે તરફ ચક્કર લગાવે છે. આ પ્રક્રિયાને કરતા-કરતા વર્ષમાં ૨૧ માર્ચ અને ૨૩ સપ્ટેમ્બર એવો દિવસ આવે છે જ્યારે પૃથ્વીની ભૂમધ્ય રેખા બિલકુલ સૂર્યની સામે પડે છે. આના કારણે આ ૨૧ માર્ચ અને ૨૩ સપ્ટેમ્બરનો વર્ષમાં દિવસ અને રાતે સંપૂર્ણપણે સમાન હોય છે. આ સૌરમંડળની પ્રક્રિયા વિજ્ઞાનમા ઈક્વીનૉક્સ કહેવામાં આવે છે

શરદ ઋતુમાં ઈક્વીનૉક્સ દરમિયાન સૂર્ય સીધા ભૂમધ્ય રેખા પર ચમકે છે અને ઉત્તર અને ગોળાર્ધમાં સમાન માત્રામાં કિરણો મળે છે.કહેવાય છે કે ૨૧ માર્ચે જ્યારે ઈક્વીનૉક્સ(વિષુવ)ની સ્થિતિ બને છે ત્યારે ગરમીની ઋતુની શરૂઆત થાય છે. વળી, જ્યારે ઈક્વીનૉક્સની સ્થિતિ ૨૩ સપ્ટેમ્બરે બને છે ત્યારે ઠંડીની ઋતુની શરૂઆત થાય છે. જો કે ઘણી વાર આ સ્થિતિ ૨૦ માર્ચ અને ૨૨ સપ્ટેમ્બરે પણ બની શકે છે. વર્ષમાં કેમ બે વાર દિવસ અને રાત સમાન હોય છે?

સૌર મંડળમાં સૂર્ય ગ્રહની ભૂમિકા હવામાનમાં ફેરફાર માટે સૌથી મહત્વનુ માનવામાં આવે છે. સૂર્ય બધા ગ્રહોનો રાજા છે. વિજ્ઞાન અનુસાર સૂર્ય સૌરમંડળમાં પોતાના નિર્ધારિત કક્ષમાં સતત એકગતિથી ચક્કર લગાવે છે. સૂર્યની દિશા ઉત્તરથી દક્ષિણ રહે છે. વળી, પૃથ્વી પોતાની ધરી પર ૨૩.૫ ડિગ્રી ઝૂકેલી રહે છે અને સૂર્યની ચારે તરફ ચક્કર લગાવે છે. આ પ્રક્રિયાને કરતા-કરતા વર્ષમાં ૨૧ માર્ચ અને ૨૩ સપ્ટેમ્બર એવો દિવસ આવે છે જ્યારે પૃથ્વીની ભૂમધ્ય રેખા બિલકુલ સૂર્યની સામે પડે છે. આના કારણે આ ૨૧ માર્ચ અને ૨૩ સપ્ટેમ્બરનો વર્ષમાં દિવસ અને રાતે સંપૂર્ણપણે સમાન હોય છે. આ સૌરમંડળની પ્રક્રિયા વિજ્ઞાનમા ઈક્વીનૉક્સ કહેવામાં આવે છે.

શરદ ઋતુમાં ઈક્વીનૉક્સ દરમિયાન સૂર્ય સીધા ભૂમધ્ય રેખા પર ચમકે છે અને ઉત્તર અને ગોળાર્ધમાં સમાન માત્રામાં કિરણો મળે છે.કહેવાય છે કે ૨૧ માર્ચે જ્યારે ઈક્વીનૉક્સ(વિષુવ)ની સ્થિતિ બને છે ત્યારે ગરમીની ઋતુની શરૂઆત થાય છે. વળી, જ્યારે ઈક્વીનૉક્સની સ્થિતિ ૨૩ સપ્ટેમ્બરે બને છે ત્યારે ઠંડીની ઋતુની શરૂઆત થાય છે. જો કે ઘણી વાર આ સ્થિતિ ૨૦ માર્ચ અને ૨૨ સપ્ટેમ્બરે પણ બની શકે છે. ૨૩ સપ્ટેમ્બર બાદ હળવી ઠંડીનો અહેસાસ શરદ ઋતુમાં થતા ઈક્વીનૉક્સ એટલે કે ૨૩ સપ્ટેમ્બર બાદથી પૃથ્વીનો ઉત્તર ગોળાર્ધ સૂર્યથી દૂર ઝૂકવાનુ શરૂ કરી દે છે માટે રાતો લાંબી થઈ જાય છે અને દિવસ નાના થવા લાગે છે. રાતો લાંબી અને દિવસ નાના ૨૧ ડિસેમ્બર સુધી થાય છે. ત્યારબાદ દિવસ અને રાતની લંબાઈનુ અંતર ધીમે-ધીમે ઘટવા લાગે છે. ૨૩ સપ્ટેમ્બરે જ્યારે સૂર્ય દક્ષિણ ગોળાર્ધમાં પ્રવેશ કરે છે ત્યારે પૃથ્વી પર હવામાનમાં ફેરફાર થવા લાગે છે. સૂર્ય અને પૃથ્વી સૌરમંડળમાં નિયમિત પરિભ્રમણ થવા લાગે છે જેના કારણે સૂર્યના કિરણો પૃથ્વી પર ત્રાસાં પડે છે. આના કારણે ૨૩ સપ્ટેમ્બર બાદથી હળવી ઠંડીનો અહેસાસ થવા લાગે છે. ૨૩ સપ્ટેમ્બર બાદ દિવસ નાનો અન રાત મોટી થવા લાગે છે.

અમદાવાદમાં આજે સૂર્યોદય ૬ કલાકને ૨૯ મીનીટ અને સૂર્યાસ્ત ૬ કલાકને ૩૪ મીનીટ એટલે દિવસ ૧૨ કલાક ને ૫ મીનીટ, સુરતમાં સૂર્યોદય ૬ કલાક ને ૨૯ મીનીટ, મુંબઈમાં સૂર્યોદય ૬ કલાક ૨૮ મીનીટ ૩૮ સેકન્ડ સૂર્યાસ્ત ૬ કલાક ને ૩૪ મીનીટ ૧૩ સેકન્ડ સામાન્ય રીતે ૧૨ કલાક ને દિવસ-રાત્રિ રહેશે. દિવસ-રાત સરખા હોવામાં સામાન્ય ૩ મીનીટથી ૭ મીનીટનો તફાવત ધ્યાને રાખી અંકગણીત કરવાનું રહેશે.

સૂર્યનો ક્રાંતિવૃત્તિ અને આકાશી વિષુવવૃત વર્ષમાં બે વખત એક બીજાને છેદે છે. આ છેદબિંદુનો સંપાત દિવસ કહેવામાં આવે છે. ભારતમાં ગત માર્ચ ૨૧-૨૨ના દિવસ અને રાત સરખા હોવાનો અનુભવ કર્યો હતો અને ૨૧ જૂને લાંબામાં લાંબો દિવસનો અનુભવ કર્યા પછી ૨૩ સપ્ટેમ્બરે શરદ સંપાતના કારણે દિવસ અને રાત સરખા હોવાનો અદભુત અનુભવ થશે. આ ખગોળીય ઘટના વસંત સંપાત પછી શરદ સંપાત ઘટનાનો લાભ લેવા જેવો છે. પૃથ્વી પોતાની ધરી ૨૩.૫ અંશના ખૂણે નમેલી હોય છે. પૃથ્વીનું માથું દક્ષિણ અને ઉપર તરફ નમેલું હોવાના કારણે પૃથ્વીવાસીઓને ગરમી અને ઠંડી વિવિધ આબોહવાનો અનુભવ સૂર્યના કિરણોના કારણે જોવા મળે છે.




## ટેરર ફંડિગ : એનઆઇએ દ્વારા દેશભરમાં વ્યાપક કાર્યવાહી બાદ

**ચીનની તમામ નાપાક હરકતો પર નજર રાખવામાં આવી રહી છે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ થોડાક સમય પહેલા આફ્રિકી દેશોની યાત્રા કરી હતી મોદી મોજામ્બિક, દક્ષિણ આફ્રિકા, તાન્જાનિયા અને કેન્યાની યાત્રા પણ કરી છે**

# ત્રાસવાદ પર અંકુશ લાગી શકશે ?

**આંકડા દર્શાવે છે કે સેંકડો મામલા એનઆઇએમાં નોંધાયા છે : હવે વ્યક્તિ ત્રાસવાદી જાહેર કરાશે : રાષ્ટ્રવિરોધ પ્રવૃતિ કરનાર પર તવાઇ**

ત્રાસવાદી ગતિવિધી પર બ્રેક મુકવા માટે કઠોર કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે દેશના જુદાજુદા રાજ્યોમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે. ટેરર ફંડિંગ પર બ્રેક મુકવા માટેની કાર્યવાહી ચાલી રહી છે. આ કાર્યવાહી હજુ જારી રહે તેવી વકી છે. તેમની સંપત્તિ જપ્ત કરવામાં આવી રહી છે. તમિળનાડુ, આંધ્રપ્રદેશ સહિતના ૧૦ રાજ્યોમાં કાર્યવાહી ચાલી રહી છે. ત્રાસવાદી ગતિવિધી અટકાયત સુધારા બિલ ૨૦૧૯ આજથી બે વર્ષ પહેલા પાસ થઈ ગયા બાદ હજુ ત્રાસવાદી ગતિવિધી જારી છે. અલબત્ત ત્રાસવાદી ગતિવિધી પર બ્રેક મુકવામાં સફળતા મળી છે. કલમ ૩૭૦ની નાબુદી બાદ તો સ્થિતી ખુબ સારી થઈ રહી છે પરંતુ હજુ ત્રાસવાદ પર સંપૂર્ણ અંકુશ આવશે કે કેમ તેની ચર્ચા સામાન્ય લોકોમાં જોવા મળે છે. કારણ કે ત્રાસવાદીઓ સક્રિય તો હજુપણ મોટા પાયે છે. થોડાક સમય પહેલવા ગેરકાનુની ગતિવિધી અટકાયત સુધારા બિલ પાસ થયા બાદ દેશના જાણકાર લોકો અને સામાન્ય લોકોમાં પણ ચર્ચા છે કે ત્રાસવાદ



પર અંકુશ મુકવાની દિશામાં વધારે મજબુત પહેલ થઈ ચુકી છે. આ બિલ પસાર થઈ ગયા બાદ ત્રાસવાદ પર અંકુશ મુકાશે કે પછી તેનો દુરુપયોગ વધી જશે તેને લઈને હવે નવી ચર્ચા રાજકીય વર્તુળોમાં અને સામાન્ય લોકોમાં જોવા મળી રહી છે. સરકાર દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે કે આ કાયદામાં ફેરફાર કરવામા આવ્યા બાદ ત્રાસવાદી ગતિવિધીમાં સામેલ રહેલા લોકોની સરળ રીતે ધરપકડ કરી શકાશે. બીજી બાજુ વિપક્ષ અને માનવ અધિકાર સાથે જોડાયેલા લોકોનુ કહેવુ છે કે સરકાર આનો દુરુપયોગ કરનાર છે. આનો વિરોધ કરનાર લોકોનુ એમ પણ કહેવુ છે કે નાગરિકોના અધિકાર આના માટે ઘટી જશે. કેટલીક બાબત હવે બદલાઈ ચુકી છે. યુએપીએ કાનુન ૧૯૬૭માં આવ્યુ હતુ. સમયની સાથે ત્રાસવાદના તૌર તરીકા બદલાઈ જવાના કારણે કાનુનમાં ૨૦૦૪માં પ્રથમ અને ૨૦૦૮માં બીજી વખત સુધારા કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ૨૦૧૩માં ત્રીજી વખત પણ કાનુનમાં સુધારા કરવામાં આવ્યા હતા. આ તમામ સુધારા કોંગ્રેસના નેતૃત્વવાળી સરકારો દ્વારા કરવામાં આવ્યા હતા. પહેલાના કાનુનમાં ત્રાસવાદી ગતિવિધીમાં સામેલ રહેલી સંસ્થાને ત્રાસવાદી જાહેર કરવાની વ્યવસ્થા અને જોગવાઈ હતી પરંતુ વ્યક્તિને ત્રાસવાદી જાહેર કરવાની જોગવાઈ ન હતી.

હવે સરકારની પાસે કોઈ વ્યક્તિને પણ ત્રાસવાદી જાહેર કરવાની સત્તા રહેશે. સરકારની રજૂઆત છે કે ઘટનાને અંજામ કોઈ સંસ્થા નહીં બલ્કે વ્યક્તિ આપે છે જેથી તેની સામે કાર્યવાહી કરવાની બાબત સૌથી ઉપયોગી છે. સરકારીની એવી રજૂઆત પણ રહી છે કે જો સંસ્થાને ત્રાસવાદી જાહેર કરવામાં આવે છે તો સંબંધિત સંસ્થા તેને બંધ કરીને નવી સંસ્થા ખોલી કાઢે છે. તેના પર પ્રતિબંધ મુકવામાં આવે તો ત્રીજી સંસ્થા ખોલી નાંખે છે. જ્યાં સુધી વ્યક્તિને ત્રાસવાદી તરીકે જાહેર કરવામાં આવશે નહીં ત્યાં સુધી તેમના કામ અને તેમના ઈરાદા પર અંકુશ મુકવાની બાબત શક્ય રહેશે નહીં. સરકાર કોઈને પણ ત્રાસવાદી જાહેર કરી શકે છે તેવી આશંકા કરનાર લોકોના પ્રશ્નના જવાબમાં કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહનો જવાબ એ છે કે આના માટે પ્રક્રિયામાં ચાર મુદ્દા સામેલ કરવામાં આવ્યા છે. જ્યારે કોઈ ત્રાસવાદી ગતિવિધીમાં ભાગ લે છે, આના માટે તૈયારી કરવામાં મદદ કરે છે અથવા તો ત્રાસવાદમાં વધારો કરે છે તેની કાર્યયોજનામાં મદદ કરે છે ત્યારે તે વ્યક્તિને ત્રાસવાદી જાહેર કરી શકાય છે. ગેરકાનુની ગતિવિધી નિવારણ કાનુનનો સરકાર હવે દુરુપયોગ કરશે તેવા પ્રશ્નના જવાબમાં શાહ કહે છે કે આ પ્રકારના આક્ષેપ આધારવગરના છે.


અપીલ માટે સરકારની કમિટી બનાવવામાં આવી છે. અહીં અરજી ફગાવી દેવામાં આવે તો હાઈકોર્ટના સેવાનિવૃત જજના નેતૃત્વમાં સમિક્ષા કમિટિ પણ બનાવવમાં આવી છે. જે તેના પર વિચારણા કરનાર છે. જો ત્યાં પણ સંતોષ ન થાય તો હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં સંબંધિત વ્યક્તિ અપીલ કરી શકે છે. એવી શંકા પણ કેટલાક લોકો રાખી રહ્યા છે કે એકાએક કોઈ પુછપરછ વગર પર ત્રાસવાદી જાહેર કરી દેવામાં આવશે.

# યાત્રા દરમિયાન હાર્ટ અટેક થાય તો સમયસર સારવાર જરૂરી હોય છે

## પ્રવાસ દરમિયાન થનાર મોતમાં હાર્ટ અટેક સૌથી વધારે જવાબદાર હોવાનો દાવો તબીબો કરતા રહ્યા છે : સાવધાની ખુબ જરૂરી છે

સામાન્ય રીતે તો હાર્ટ અટેકના સંકેતોની અવગણના ક્યારેય કરવી જોઈએ નહીં પરંતુ સફર કરતી વેળા તો સાવધાની બિલકુલ જરૂરી હોય છે. શોધ કરનાર લોકોનુ કહેવુ છે કે સફર દરમિયાન થનાર મોતના મુખ્ય કારણ તરીકે હાર્ટ અટેક હોય છે. સ્પેનમાં કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જો યાત્રા દરમિયાન હાર્ટ અટેક થાય તો સમયસર સારવાર જરૂરી હોય છે. જો સમયસર સારવાર મળી રહે તો લાંબા સમય સુધી તેના હકારાત્મક પરિણામ મળતા રહે છે. નિષ્ણાંતો કહે છે કે જો તમે સફર કરી રહ્યા છો અને આપના હાર્ટમાં દુખાવો થાય છે તો તેના લક્ષણ રહે છે. જેમ કે છાતિના હિસ્સામાં દુખાવો થાય છે. ગળા, કમર, પેટ અથવા તો ખભામાં દુખાવો થાય છે. સાથે સાથે ૧૫ મિનિટ સુધી દુખાવો રહે તો તરત એમ્બ્યુલન્સને બોલાવી લેવાની જરૂર હોય છે. હકીકતમાં લાંબા પ્રવાસ દરમિયાન ડિહાઈડ્રેશન, પગમાં દુખાવો, થાક, યાત્રા દરમિયાન હેરાનગતિ રહે છે તો પરેશાની વધે છે. પ્રવાસ દરમિયાન શરીરમાં લોહીના સંચારમાં અડચણો આવે છે તો તકલીફ થાય છે. આ સમસ્યા હાર્ટના દુખાવાની સમસ્યા ઉભી કરી શકે છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે મોટા ભાગના લોકોને હાર્ટ અટેકનો ખતરો પ્રવાસ દરમિયાન રહે છે. અભ્યાસમાં એમ પણ કહેવામાં આવ્યુ છે કે ઘરમાં થયેલા હાર્ટ અટેકના દર્દીની તુલનામાં હાર્ટ અટેકથી મૃત્યુનો ખતરો ૪૨ ટકા ઓછો થઈ ગયો છે. સફરમાં અટેક થયા બાદ યોગ્ય અને તરત સારવાર મળ્યા બાદ દર્દીએ વહેલી તકે પોતાના તબીબનો સંપર્ક કરવો જોઈએ. જુદા જુદા પ્રકારના પોષક તત્વો ધરાવતાં ફ્રૂટ આરોગ્ય માટે ખૂબ જ ઉપયોગી રહે છે. હવે ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સફરજન હાર્ટ સાથે સંબંધિત તકલીફોને દૂર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. હાર્ટના આરોગ્યને જાળવી રાખવામાં તે ઉપયોગી છે. કાર્ડિયો હેલ્થ સાથે સફરજનના સીધા સંબંધો રહેલા છે. યુનિવર્સિટી ઓફ વેસ્ટન ઓસ્ટ્રેલિયામાં ફાર્માકોલોજીમાં તબીબી વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સફરજનમાં ઘણા પોષક તત્વો રહેલા છે. નાઈટ્રીક ઓક્સાઈડ (એનઓ) ઉત્પાદન પર સફરજનની અસરમાં અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. આ તમામ પ્રકારના પોષક તત્વો હાર્ટ માટે ઉપયોગી સાબિત થાય છે.

અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ઈન્ડોથેલિયમના નાઈટ્રીક ઓક્સાઈડ ઉત્પાદન કરવામાં તથા બ્લડ વિસલ સાથે સંબંધ રહેલા છે. વિટામીન પી અને સીલટ્રીન તરીકે જાણીતા ફ્લેવોનોઈડ સફરજનના સ્કીન ઉપર અસરમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. નાઈટ્રી ઓક્સાઈડ નજીકના સ્નાયુઓને આરામદાયક સ્થિતિમાં રાખવામાં તથા તેમને મજબૂત બનાવવામાં ભૂમિકા ભજવે છે. આરામના પરિણામ સ્વરૂપે બ્લડ વિસલના કારણે લોહીના પ્રવાહમાં સ્થિરતા જળવાય છે. શ્રેણીબદ્ધ ટેસ્ટ કરી ચૂકેલા આરોગ્ય સાથે સંકળાયેલા નિષ્ણાંતોને આવરી લઈને અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. અભ્યાસના ભાગરૂપે દિવસ બ્લેકફાસ્ટમાં સફરજન અને લંચમાં પણ સફરજનની સાથે નાળિયેર આપવાની વાત થઈ હતી. પરિણામ દર્શાવે છે કે ફ્લેઓ નોઈડથી ભરપૂર સફરજન નાઈટ્રીક ઓક્સાઈડમાં સુધારો કરે છે. ને સાથે સાથે ઈન્ડોથેલિયરની કામગીરીમાં સુધારો કરે છે. કાર્ડિયોવેસ્કુલર હેલ્થ ઉપર અસર કરનાર ફેક્ટરને પ્રભાવિત કરવામાં સફરજન ઉપયોગી છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે બિયર હાર્ટને સ્વસ્થ રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. અભ્યાસના આ તારણો બીયર પીનાર લોકો માટે સારા સમાચાર તરીકે છે. જો નવેસરના અભ્યાસની વાત માનવામાં આવે તો ઓછા પ્રમાણમાં અથવા તો મર્યાદિત પ્રમાણમાં બિયરનો ઉપયોગ આદર્શ તરીકે છે. આનાથી હાર્ટ સાથે સંબંધિત તકલીફનો ખતરો ઘટી જાય છે. બિયર પીવાની ટેવ ધરાવતાં ૨૦૦૦૦૦ લોકોને આવરી લઈને કરવામાં આવેલા વિશ્વવ્યાપી જુદા જુદા અભ્યાસના તારણોને ધ્યાનમાં લઈને એક પ્રકારના તારણો પ્રકાશિત કરાયા છે.





# Cyber Octet™

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

# ડિલિવરી બોય જો તમારી સાથે ગેરવર્તન કરે છે તો થઇ શકે છે જેલ



ઘણીવાર એવી ઘટના વિશે સાંભળ્યું હોય છે કે, ફુડ ડિલિવરી બોયએ મહિલા ગ્રાહકો સાથે છેડતી કરતા હોય છે. અમુક વાર મહિલાઓ આ અંગેની ફરિયાદ કરતા ડરતા હોય છે. પરંતુ આ બાબતે ગભરાવાની બિલકુલ જરૂર નથી તમે પોલીસ ફરિયાદ કરી શકો છો.

આજે કામના સમાચારમાં જાણીશું કે ડિલિવરી બોયથી કેવી રીતે સુરક્ષિત રહી શકાય.

આજે કામના સમાચારોમાં અમારા નિષ્ણાતો શુભંકર બુજાડે, મેનેજિંગ ડિરેક્ટર, DoorPar India private limited, સીમા રાઠોડ, કિડ્સ કેર થેરાપી સેન્ટર, ભોપાલના રિહેબ સાયકોલોજિસ્ટ અને ફેમિલી એન્ડ ક્રિમિનલ લો એક્સપર્ટ એડવોકેટ સચિન નાયક છે.

સવાલ : ડિલિવરી બોયથી ગ્રાહકોએ કેવી રીતે સુરક્ષિત રહેવું જોઈએ, જેથી પ્રોડક્ટ ડિલિવર થયા બાદ ખોટા મેસેજ કે કોલ ન કરી શકે?

જવાબ : શુભંકર બુજાડે- જ્યારે તમે કોઈ પ્રોડક્ટ કે ફૂડ ઓર્ડર કરો છો ત્યારે તમારો નંબર ડાયરેક્ટ ડિલિવરી બોય પાસે નથી જતો. પહેલા આ ફોન કંપનીમાં જાય છે અને પછી કંપની ડિલિવરી બોયને કનેક્ટ કરે છે અને તમારી વાત ડિલિવરી બોય સાથે કરાવે છે.

ઘણીવાર બાળકો ડિલિવરી બોય પાસેથી સામાન લે છે. પરંતુ આ પહેલાં બાળકને એવી ટ્રેનિંગ આપવી જોઈએ કે, તે કેવી રીતે સુરક્ષિત રહી શકે છે.

નોંધ : આ ગ્રાફિક્સને મહિલાઓ પણ ફોલો કરી શકે છે.

સવાલ : જો કોઈ ડિલિવરી બોય કોઈ બાળક, મહિલા કે યુવતીઓ સાથે ખરાબ વર્તન કેં છે તો તેના વિરુદ્ધ શું કાર્યવાહી કરી શકાય છે?

એડવોકેટ સચિન નાયક- જો બાળક હોય તો તેના માતા-પિતા અને છોકરી કે મહિલાએ પોતે પોલીસ સ્ટેશન જઈને ફરિયાદ નોંધાવી શકે છે.આખો મામલો જણાવવા પર પોલીસ એફઆઈઆર નોંધશે અને મામલાની તપાસ કર્યા બાદ આરોપીને જેલમાં મોકલવામાં આવશે. જો આરોપી જેલમાંથી છૂટ્યો હોય અને તમે આગળ લડવા માંગતા હોવ તો તમે આરોપીના જામીન રદ કરવા માટે કોર્ટમાં અરજી કરી શકો છો.

સવાલ : જો આ પ્રકારની ઘટનામાં બીજા દિવસે જામીન મળી જાય છે, બાદમાં આરોપી ફરીથી હેરાન કરે છે તો શું કરી શકાય છે?

એડવોકેટ સચિન નાયક : જો આરોપી ફરીવાર હેરાન કરશે તો રી પોલીસ ફરિયાદ કરવી પડશે. ડિલિવરી બોયના જામીન નામંજૂર કરવા માટે એક અરજી કોર્ટમાં અને બીજી પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

જો અન્ય કોઈ યુવતી સાથે આ પ્રકારની ઘટના ઘટે છે તો પોલીસમાં ફરિયાદ કરી શકે છે. જો તેને ખબર પડે કે આ ડિલિવરી બોય પહેલા પણ કોઈ છોકરી સાથે ગેરવર્તન કરી ચૂક્યો છે, તો યુવતીએ પોલીસને જણાવવું જોઈએ કે તેણે આ પહેલા પણ કોઈ છોકરી સાથે આવું જ વર્તન કર્યું હતું. આ સાથે કોર્ટમાં એવું પણ કહી શકાય છે કે, આ વ્યક્તિ સમાજ માટે યોગ્ય નથી તેથી જેલમાં જ રાખવામાં આવે.

સવાલ : આઈપીસી એક્ટ 354 અને 354A શું છે?

એડવોકેટ સચિન નાયક જણાવે છે કે, 354- આ કલમ છોકરીના ગૌરવને ઠેસ પહોંચાડવા બદલ આરોપી પર આ કલમ લગાડવામાં આવે છે. આ એક્ટ હેઠળ 1-5 વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે.

354A આ જાતીય સતામણી માટેનો લગાવામાં આવતી કલમ છે. જો તમે છોકરીની પરવાનગી વિના તેની સાથે શારીરિક સંપર્ક કરવાનો પ્રયાસ કરો છો અથવા તેને ઓફર કરો છો અને તેણીને પોર્નોગ્રાફી બતાવો છો, તો આવા કૃત્યોને ગુનો ગણવામાં આવશે.

# ઘરે બેસીને વર્ચ્યુઅલ આધારકાર્ડ ડાઉનલોડ કરી શકો છો




આજે આપણા દેશમાં સૌથી મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ હોય તો એ છે 'આધારકાર્ડ'. ઘણીવાર આપણે ખોવાઈ જવાના અથવા તો ખરાબ થઈ જવાના ડરે એ સાથે નથી રાખતા. શું તમને ખબર છે કે તમે આધારકાર્ડની PDF ફાઈલ ડાઉનલોડ કરી શકો છો. આ માટે તમારે કોઈ ચાર્જ પણ નહીં ચૂકવવો પડે અને બધી જ જગ્યાએ માન્ય પણ છે. આજે અમે તમને જણાવીશું કે આધારકાર્ડની PDF ફાઈલ કેવી રીતે ડાઉનલોડ કરી શકાય છે.

આ રહી ડાઉનલોડ કરવાની પ્રક્રિયા

સૌથી પહેલા તમારે UIDAIની ઓફિશિયલ વેબસાઈટ myaadhaar.uidai.gov.in/ પર જાઓ.આ બાદ My Aadhaar સેક્શનમાં જઈને Download Aadhaar પર ક્લિક કરો.

આ બાદ બીજા પેજ પર Download Aadhaarનો વિકલ્પ જોવા મળશે, જેના પર ક્લિક કરો.

આ બાદ આધાર નંબર અને કેપ્ચા એન્ટર કરો અને પછી રિકવેસ્ટ ઓટીપી બટન પર ક્લિક કરો.રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર UIDAI તરફથી એક ઓટીપી મોકલવામાં આવશે, જેને બોક્સમાં એન્ટર કરો અને બાદમાં ડાઉનલોડ આધાર પર ક્લિક કરો.આધાર ડાઉનલોડ કર્યા બાદ નામના શરૂઆતના ચાર અક્ષર ને જન્મનું વર્ષ એન્ટર કરીને પીડીએફ ફાઈલને ઓપન કરો.

આધારકાર્ડ ખરાબ થાય છે નવું બનાવી શકો છોજો તમારું આધારકાર્ડ ગમ થઈ ગયું હોય અથવા તો જૂનું આધારકાર્ડ ખરાબ થઈ ગયું હોય તો તમે સરળતાથી ઘરે બેસીને પણ આધારકાર્ડમાં ફેરફાર કરી શકો છો. આ સાથે જ પોલિવિનાઈલ કાર્ડ્સ (PVC) પણ ઘરે બેસીને મગાવી શકો છો. આ એક પ્રકારનું પ્લાસ્ટિક કાર્ડ છે, જેના પર આધારકાર્ડની જાણકારી પ્રિન્ટ કરવામાં આવે છે.

1. સૌથી પહેલા https://uidai.gov.in કે https://resident.uidai.gov.in પર વિઝિટ કરો.

2. 'Order Aadhaar Card' સર્વિસ પર ક્લિક કરો.

3. તમારો 10 અંકવાળો આધાર નંબર (UID)કે 16 અંકવાળો વર્ચ્યુઅલ આઈડેન્ટિફિકેશન નંબર (VID) કે 28 નંબરવાળો એનરોલમેન્ટ ID ભરો.

4. સિક્યોરિટી કોડ નોંધો.

5. OTP મેળવવા માટે રજિસ્ટર્ડ નંબરનો ઓપ્શન સિલેક્ટ કરો. જો મોબાઈલ નંબર રજિસ્ટર્ડ નથી તો ઓપ્શનલ નંબર અવેલેબલ હોય તો તે ભરો.

6. 'Send OTP' પર ક્લિક કરો.

7. 'Terms and Conditions' મંજૂર થયા પછી ટિક કરો. (નોટઃ હાઈપરલિંક પર ક્લિક કરો અને ડિટેલ્સ જુઓ)

8. 'OTP' વેરિફિકેશન પ્રક્રિયા પૂરી કર્યા પછી સબ્મિટ પર ક્લિક કરો.

9. એ પછી 'Make payment' પર ક્લિક કરવાની સાથે જ તમે પેમેન્ટ ગેટવે પર પહોંચી જશો, ત્યાં તમને ક્રેડિટ/ડેબિટકાર્ડ, નેટ બેન્કિંગ અને UPIના ઓપ્શન મળશે.

10. પેમેન્ટ સફળ થતાં રિસીપ્ટ મળશે, એની પર ડિજિટલ સિગ્નેચર હશે. SMS પર સર્વિસ રિક્વેસ્ટ નંબર મળશે. તમે આ નંબરની મદદથી કાર્ડ ડિલિવર થયા સુધીની પ્રોસેસ ટ્રેક કરી શકશો.

ઓફલાઈન પણ બનાવી શકો છો નવું કાર્ડજો તમે ઓનલાઈન બનાવવા ન માગતા હો તો ઓફલાઈન પણ બનાવી શકો છો.

# હવે ક્રેડિટકાર્ડથી પણ કરી શકાશે UPI પેમેન્ટ

## UPIને ક્રેડિટકાર્ડ સાથે લિંક કરવાની આ રહી પ્રોસેસ

કોરોના બાદ ઓનલાઈન પેમેન્ટનું ચલણ વધ્યું છે. લોકો હવે અનેક UPIનો ઉપયોગ કરી રહ્યા છે. અત્યારસુધી ફક્ત ડેબિટકાર્ડથી જ UPIનું પેમેન્ટ કરવામાં આવતું હતું, પરંતુ હવે ક્રેડિટકાર્ડથી પણ UPI લિંક કરી શકાશે, જેનાથી ટ્રાન્ઝેકશન કરવાનું વધુ સરળ થશે. ગ્લોબલ ફિનટેક ફેસ્ટિવલમાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ગવર્નર શક્તિ દાસે Rupay ક્રેડિટકાર્ડને UPI નેટવર્ક સાથે લોન્ચ કરવામાં આવ્યું છે. અત્યારસુધી ફક્ત UPI નેટવર્ક પર ડેબિટકાર્ડ અને એકાઉન્ટ જ લિંક કરવામાં આવતાં હતાં. દેશની ત્રણ બેંક પંજાબ નેશનલ બેંક, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા અને ઈન્ડિયન બેંક આ સુવિધા આપી રહી છે.

### ઇન્ટરચેન્જ ચાર્જ આપવો પડશે

પંજાબ નેશનલ બેંકના MD અને CEO અતુલ કુમાર ગોયલે જણાવ્યું હતું કે UPI સાથે ક્રેડિટકાર્ડ લિંક કર્યા બાદ UPIથી પેમેન્ટ માટે કોઈપણ પ્રકારનો MDR વસૂલવામાં નહીં આવે, પરંતુ એક નાનો ઈન્ટરચેન્જ ચાર્જ લેવામાં આવશે, પરંતુ હજુ સુધી એ જાણકારી નથી મળી કે કેટલો ચાર્જ વસૂલવામાં આવશે.

### UPI લાઇટ સર્વિસ પણ લોન્ચ કરવામાં આવી

તો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ UPI Lite સર્વિસ પણ લોન્ચ કરી છે. આ સર્વિસ ઓછી વેલ્યુના ટ્રાન્ઝેક્શન માટે હશે, જે ઓન-ડિવાઇસ વોલેટની મદદથી કામ કરશે. યુપીઆઈ લાઈટની મદદથી ગ્રાહકો ઈન્ટરનેટ વગર પૈસાની ચુકવણી કરી શકશે. યુપી લાઈટ ઈન્ટરનેટ વિના 200 રૂપિયા સુધી ટ્રાન્સફર કરવાની મંજૂરી આપશે. આ ઉપરાંત ભારત બિલ પેમેન્ટ સિસ્ટમ હેઠળ સરહદ પારના વ્યવહારોની સુવિધા પણ શરૂ કરવામાં આવી છે.

### ગૂગલ પેથી ક્રેડિટ અથવા ડેબિટકાર્ડ દ્વારા પેમેન્ટ કરવાની આ રહી રીત

આ માટે સૌથી પહેલા કાર્ડને UPI એપ સાથે એડ કરવું પડશે. ગૂગલ પે વેબસાઇટ મુજબ, યુઝર્સ એપથી બેંકોનાં ડેબિટ અને ક્રેડિટકાર્ડને એડ કરી શકે છે.

### ઓગસ્ટમાં UPI દ્વારા 10.72 લાખ કરોડ રૂપિયાની લેવડ-દેવડ

NPCIના આંકડા મુજબ, UPI દ્વારા ઓગસ્ટમાં 10.72 લાખ કરોડ રૂપિયાની લેવડ-દેવડ કરવામાં આવી છે. આ આંકડા જુલાઈ મહિના કરતાં વધારે છે. જુલાઈમાં 10.63 લાખ કરોડની લેવડ-દેવડ UPI દ્વારા કરવામાં આવી હતી.




# દુનિયાના 5 જાદુઇ સ્થળો, જ્યાં થાય છે સમુદ્ર અને રણનું મિલન



### આફ્રિકા

સહારા રણ એટલાન્ટિક મહાસાગરને મળે છે. સહારા પશ્ચિમમાં એટલાન્ટિક મહાસાગર અને પૂર્વમાં લાલ સમુદ્રને ટચ થાય છે. આ સ્થળની આસપાસ કેટલાક નગરો પણ વસેલા છે. લાલ અને પીળા રંગમાં રંગાયેલા સુંદર નાના ઘરો આ સ્થળની સુંદરતામાં ચાર ચાંદ લગાવે છે. એટલાન્ટિક મહાસાગર અને એટલાસ પર્વતો વચ્ચે આવેલા સેંકડો જૂના પથ્થરના સ્મારકો પણ છે.

### ઓસ્ટ્રેલિયા

ઓસ્ટ્રેલિયન રણ ત્યાં હિંદ મહાસાગરને મળે છે. ઓસ્ટ્રેલિયન શહેર પર્થ તેના તટીય શહેરો માટે જાણીતું છે, જે ચૂનાના પત્થરોથી ઘેરાયેલા છે. અહીં પણ રણ અને સમુદ્રનું મિલન ખૂબ જ સુંદર લાગે છે. હિંદ મહાસાગરના ચમકતા વાદળી પાણીની સામેના ખડકો એકદમ અલગ લાગે છે. મહાસાગર દેશના કેટલાક બેસ્ટ કોરલ રીફ્સ માટે જાણીતું છે. સમગ્ર વિસ્તારને એક્સપ્લોર કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે.

### ચિલી

અટાકામા રણ અહીં પ્રશાંત મહાસાગરને મળે છે. મહાસાગર અને રણ અહીં ઉત્તર ચિલીના એન્ટોફાગાસ્તા પ્રદેશમાં મળે છે. આ સ્થળ અનેક નાઈટ્રેટ માઈનિંગ ટાઉનોથી ઘેરાયેલું છે. કપલ્સ માટે ચિલીનો નજારો પણ ઘણો રોમેન્ટિક હોય છે. આ પ્રદેશમાં મુલાકાત લેવા માટેના શ્રેષ્ઠ સ્થળોમાંનું એક લોસ ફ્લેમેંકોસ નેશનલ રિઝર્વમાં ચંદ્રની ખીણ છે. અહીંની રાતો એકદમ જાદુઈ લાગે છે.

### એન્ટાર્કટિકા

ધ્રુવીય રણ મહાસાગરને મળે છે. આપણે સામાન્ય રીતે રણને ગરમ અને શુષ્ક શબ્દો સાથે જોડીએ છીએ, પરંતુ એન્ટાર્કટિકાના ધ્રુવીય રણ ખૂબ જ અલગ છે. દરેક જગ્યાએ તમને બરફ દેખાશે. રણની જગ્યાએ કેટલી ઠંડી હોય છે તે સાંભળીને તમને પણ નવાઈ લાગશે, પરંતુ આ સત્ય છે. એક બર્ફીલા રણ, એન્ટાર્કટિક ધ્રુવીય રણ સમગ્ર ખંડમાં વિસ્તરેલ છે.

### આફ્રિકા

નામિબ રણ એટલાન્ટિક મહાસાગરને મળે છે. યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ, નામિબ રણ એક ખૂબ જ સુંદર સ્થળ છે. આ સુંદરતા એ છે કે નામિબ રણ એટલાન્ટિક મહાસાગરને મળે છે. અહીં વસ્તી વધારે નથી, કારણ કે આ દરિયાકાંઠાના વિસ્તારમાં માત્ર થોડી વસાહતો રહે છે. આ પ્રદેશના કેટલાક મુખ્ય આકર્ષણોમાં ડોરોબ નેશનલ પાર્ક અને નામિબ-નૌક્લુફ્ટ નેશનલ પાર્કનો સમાવેશ થાય છે.

# ચહેરાને ચમકદાર, વાળને સીધા બનાવશે ભીંડો, કરો બસ આ એક નાનકડું કામ

ભીંડો. એક એવું શાક જે લગભગ દરેક ઘરમાં મળે છે અને નાનાથી લઈને મોટા સુધી સૌને પસંદ આવે છે. તે સ્વાદમાં સારી છે અને સ્વાસ્થ્ય માટે પણ. ભીંડો એન્ટિ ઓક્સિડન્ટ અને મિનરલ્સથી ભરપૂર હોય છે. સાથે તેમાં અનેક પોષક તત્વો હોય છે. તે ત્વચા અને વાળને પણ ફાયદો કરાવે છે. તો આજે અમે તેમન જણાવીશું ભીંડાના ફાયદા અને તેની સાથે કરવાનો ઉપયોગી ઉપાયો.

### ચહેરો બનાવશે ચમકદાર

ભીંડો ત્વચા માટે ખૂબ જ સારો છે. તે આપણી ત્વચાનું કોલેજન લેવલ વધારે છે, જે એન્ટી એજિંગનું કામ કરે છે. સાથે તે ચહેરાને ચમકદાર અને સોફ્ટ પણ બનાવે છે. આ માટે ચાર-પાંચ ભીંડા ધોઈને કાપી લો. તેને પાણીમાં ઉકાળી લો અને મિક્સરમાં પીસી લો. બાદમાં આ જેલને ચહેરા પર લગાવો અને હળવા હાથોથી મસાજ કરી 15-20 મિનિટ રહેવા દો. બાદમાં પાણીથી ધોઈ લો. આટલું કરવાથી તમારો ચહેરો ચમકવા લાગશે.

### વાળને કરશે સ્ટ્રેટ

ભીંડામાં એવા તત્વો મળે છે જે વાળને ખૂબ જ ફાયદો કરાવે છે. વાળને મજબૂતની સાથે સિલ્કી અને શાઈની પણ બનાવે છે. વાળ માટે ભીંડાનો ઉપયોગ કરવા માટે સૌથી પહેલા 8 થી 10 ભીંડા કાપી લો. તેને પાણીથી ધોઈલો અને મિક્સીમાં મુકીને પીસી લો. હવે તેને એક કપડામાં લઈ નીચોી લી. તેમાં કોર્ન ફ્લોર નાખી એક મિશ્રણ તૈયાર કરો. અને તેને ઘાટું થાય ત્યાં સુધી પકાવી લો. આ પેસ્ટને વાળમાં નાખો. 30 થી 50 મિનિટ સુધી તેને રાખો અને પછી વાળ ધોઈ લો. આવું નિયમતિ રીતે કરવાની વાળ સિલ્કી, શાઈની અને સ્ટ્રેઈટ થશે.



# આ ગામની મહિલાઓના વાળ છે દુનિયામાં સૌથી લાંબા, જાણો શું છે તેની પાછળનું રહસ્ય

ચીનની મહિલાઓ તેમના વાળ માટે ખૂબ જ જાણીતી છે. રેશમ જેવા વાળ તેમની ઓળખ છે. ત્યારે આજે વાત કરીશું ચીનના એક પ્રાચીન ગામ હુઆંગ્લુઓની. જ્યાંની મહિલાઓના વાળ દોઢ થી બે મીટરથી પણ વધુ લાંબા છે. આ ગામને લોન્ગ હેર વિલેજના નામે પણ ઓળખવામાં આવે છે. આ માટે તેનું નામ ગિનિઝ બુક ઓંફ રેકોર્ડમાં પણ નોંધાયેલુ છે. અહીના સ્થાનિક લોકોનું માનવું છે કે, મહિલાઓના વાળની લંબાઈ જેટલી હશે એટલો જ તેનો પરિવાર ભાગ્યશાળી રહેશે.

### ગિનિઝ બુકમાં નોંધાયું છે નામ

તમને સાંભળીને આશ્ચર્ય થશે કે આ ગામનું નામ ગિનિઝ બુક ઓંફ વર્લ્ડ રેકોર્ડ્સમાં પણ છે. સૌથી લાંબા વાળ ધરાવતા ગામનો દરજ્જો આ ગામને મળ્યો છે. ચીનના આ ગામને લોન્ગ હેર વિલેજ પણ કહેવામાં આવે છે. આ ગામનું નામ હુઆંગ્લુઓ છે. જે જિનશા નદીના કિનારે આવેલું છે. અહીં રેડ યાઓ લોકો રહે છે અને આ મહિલાઓ તેમના લાંબા, ઘટાદાર અને કાળા વાળ માટે જાણીતી છે.

### જીવનમાં એક જ વાર કાપી શકે વાળ

આ ક્ષેત્રની એક ખાસ વિશેષતા છે કે અહીંની મહિલાઓ જીવનમાં માત્ર એક જ વાર વાળ કાપી શકે છે. 18માં જન્મદિવસે અહીંની મહિલાઓ વાળ કપાવી શકે છે. જેનો અર્થ એ થાય છે કે, છોકરી હવે લગ્ન માટે તૈયાર થઈ ગઈ છે. આ ગામની મહિલાઓ જ્યારે લગ્ન માટે જીવનસાથીની શોધ કરતી હોય છે ત્યારે પોતાના વાળને ઢાંકીને રાખે છે. છોકરીના કપાયેલા વાળને તેના દાદી સંભાળીને રાખે છે. લગ્ન બાદ તે વરરાજાને ભેટ આપવામાં આવે છે. કુંવારી છોકરીઓ પોતાના વાળ સૌથી પહેલા પતિને જ બતાવે છે.



### આ છે લાંબા વાળનું રહસ્ય

અહીંની મહિલાઓના લાંબા વાળનું રહસ્ય છે ચોખાનું પાણી. જેને તેઓ શેમ્પુની જેમ યુઝ કરે છે. સાથે તેઓ ત્યાંની નદીના પાણીથી વાળ ધુએ છે.આ ગામમાં દર વર્ષે 3 માર્ચે લોંગ હેર ફેસ્ટિવલ મનાવવામાં આવે છે. જેમાં મહિલાઓ ગાઈને અને ડાન્સ કરીને પોતાના વાળનું પ્રદર્શન કરે છે. જેને જોવા માટે ટૂરિસ્ટો ખાસ આવે છે.

**સિટાડેલના ઇન્ડિયન વર્ઝન 'સિટાડેલ હનીબની'નું સ્ક્રિનિંગ યોજાયું**

# સિટાડેલના સ્ક્રિનિંગમાં સામંથા અને પ્રિયંકાનો પાર્ટી મૂડ છલક્યો



તાજેતરમાં જ લંડન ખાતે 'સિટાડેલ હનીબની'નું સ્ક્રિનિંગ યોજાયું હતું. જેમાં સામંથા રુથ પ્રભુ અને પ્રિયંકા ચોપરા બંને હાજર રહ્યાં હતાં. આ ઈવેન્ટમાં તે બંને ઈટાલિયન સ્ટાર મટિલ્ડા દી એન્જેલિસ સાથે ખુશખુશાલ ચહેરા સાથે જોવા મળ્યાં હતાં. આ ઈવેન્ટ ખાસ કરીને સિટાડેલનાં ઈન્ડિયન વર્ઝન 'સિટાડેલ હનીબની'ને સેલિબ્રેટ કરવા માટે જ યોજાઈ હતી, જેમાં સામંથા સાથે વરુણ ધવન પણ લીડ રોલમાં છે. જ્યારે મટિલ્ડા તેના ઈટાલિયન વર્ઝન 'સિટાડેલ ડાયના'માં કામ કરી રહી છે. આ ઈવેન્ટમાં દરેક કલાકારોનો ઉત્સાહ તો દેખાતો જ હતો સાથે તેમને એકબીજા સાથે કેટલું બને છે અને તેઓ એકબીજાના કામનું કેટલું સન્માન કરે છે તે પણ દેખાતું હતું. આ ઈવેન્ટમાં સામંથા, પ્રિયંકા અને મટિલ્ડા ત્રણેય ગ્લેમરસ આઉટફિટમાં હતાં, સામંથાએ નેવી બ્લૂ કલરનું સ્ટ્રેપલેસ ગાઉન પહેર્યું હતું, જ્યારે મટિલ્ડાએ શીમરી ગોલ્ડન ઓન્સોમ્બલ પહેર્યું હતું. જ્યારે પ્રિયંકાએ રેડ બૉડિકોન ડ્રેસ પહેર્યો હતો, આ આઉટફિટના કારણે તેઓ ઈવેન્ટ મુજબ વધુ ગ્લેમરસ લાગતાં હતાં. તેમની આ ઈવેન્ટની તસવીરો ઘણી વાયરલ થઈ હતી. તેના કારણે સિટાડેલ યુનિવર્સની વિવિધ સિરીઝ માટે દર્શકોનો ઉત્સાહ પણ વધી ગયો છે. સાથે ઈવેન્ટમાં સામંથા અને પ્રિયંકા વચ્ચેની ફ્રેન્ડશિપ પણ ઉડીને આંખે વળગતી હતી. એક સિરિઝમાં કામ કરતાં હોવાથી પ્રોફેશનલી જોડાયેલાં હોવા ઉપરાંત તેઓ અંગત રીતે પણ એકબીજાથી ઘણા નજીક હોય તેવું ઈવેન્ટમાં હાજર લોકોએ અનુભવ્યું હતું.

# ભૂમિ પેડનેકરની વિચિત્ર ફેશન પર ભડક્યા યુઝર્સ

**બ્લાઉઝ પર સાપ... પારદર્શક કોર્સેટ...**



ફિલ્મ 'દમ લગા કે હઈશા'થી બોલિવૂડમાં ડેબ્યૂ કરનાર ભૂમિ પેડનેકરે હવે પોતાની સ્ટાઈલ સંપૂર્ણપણે બદલી નાખી છે. આ ફિલ્મમાં એક જાડી છોકરીનો રોલ કરી રહેલી ભૂમિએ પોતાની જાતને સંપૂર્ણપણે સ્લિમ બનાવી છે. ભૂમિ પેડનેકર હવે દરરોજ તેના લુકને કારણે સમાચારમાં રહે છે. ઘણી વખત સુંદરીઓ એવા રૂપમાં દેખાય છે કે કોઈને વિશ્વાસ જ ન આવે અને હાલમાં જ એક ઈવેન્ટમાં આવું જ જોવા મળ્યું.ખરેખર, ૨૭મી સપ્ટેમ્બરે ય્ઉ એવોર્ડનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બી-ટાઉનના ઘણા સ્ટાર્સે હાજરી આપી હતી. અને આ એવોર્ડ નાઈટમાં ભૂમિ પેડકર ખૂબ જ અનોખા અંદાજમાં જોવા મળી હતી, જેના પછી યુઝર્સે તેની આકરી ટીકા કરી હતી. તેમને નિર્દયતાથી ટ્રોલ કરવાનું શરૂ કર્યું. લુક વિશે વાત કરીએ તો, ય્ઉ એવોર્ડ નાઈટ્સમાં ભૂમિ સફેદ લહેંગામાં જોવા મળી હતી જેની સાથે અભિનેત્રીએ સફેદ બ્રેલેટ પહેર્યું હતું., આના પર તેણે પ્લાસ્ટિકની ડિઝાઈનવાળા બ્લાઉઝની જોડી બનાવી. ભૂમિના બ્લાઉઝ પર બે ધાતુના સાપ હતા. ભૂમિએ લાઈટ મેકઅપ અને ન્યૂડ લિપસ્ટિકથી પોતાનો લુક કમ્પ્લીટ કર્યો છે., ભૂમિ કેમેરા સામે જોરદાર પોઝ આપી રહી છે. ભૂમિની આ તસવીરો જોઈને એક યુઝરે લખ્યું- 'હું ઉર્ફીથી પ્રભાવિત છું.' એકે કહ્યું- 'મને લાગે છે કે ઉર્ફીની ડ્રેસિંગ સેન્સ આના કરતાં સારી છે.' એકે કહ્યું- 'બુલેટ પ્રૂફ સાપ.'

# સેન્સરે ૧૩ કટ સૂચવતા કંગનાની ઇમરજન્સીનું કોકડું વધારે ગૂંચવાયું

**સર્ટિફિકેટ આપવાની સાથે બોર્ડે ભીંદરાનવાલેને સાંકળતાં હિંસક દૃશ્યો અને તેનો સંત તરીકનો ઉલ્લેખ હટાવવા ભલામણ કરી**



એક્ટરમાંથી સાંસદ બન્યાં પછી કંગના રણોતની પહેલી ફિલ્મ ઈમરજન્સી આવી રહી છે. રિલીઝ પહેલાં જ વિવાદોમાં ઘેરાયેલી આ ફિલ્મને સેન્સર બોર્ડે ેં/છ સર્ટિફિકેટ માટે મંજૂરી આપવાની સાથે ૧૩ કટ્સ પણ સૂચવ્યા છે. આ કટમાં પૂર્વ વડાંપ્રધાન ઈન્દિરા ગાંધી, સંજય ગાંધી, ભિંદરાનવાલે સહિત કેટલાક સંદર્ભો ધરાવતા દૃશ્યો અને સંવાદનો સમાવેશ થાય છે. કંગના સહિત ફિલ્મના પ્રોડ્યુસર્સ આ કટ્સનો અમલ કરવા માટે ફિલ્મમાં ફેરફાર કરવાનું પસંદ કરે છે કે પછી કોર્ટ સમક્ષ સેન્સર બોર્ડના સૂચનોને પડકારે છે તે અંગે હજુ સ્પષ્ટતા નથી. લોકસભાની ચૂંટણી પહેલાં કંગના રણોતનો લીડ રોલ અને ડાયરેક્શન ધરાવતી 'ઈમરજન્સી' તૈયાર થઈ ગઈ હતી.

પ્રચારમાં વ્યસ્ત હોવાના કારણે કંગનાએ ફિલ્મની રિલીઝ પોસ્ટપોન કરી. ફિલ્મની રિલીઝ ડેટ નજીક આવી ત્યારે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (સેન્સર બોર્ડ) દ્વારા મંજૂરી નહીં મળી હોવાનો ખુલાસો થયો. આ મામલે કાનૂની વિવાદો બાદ સેન્સર બોર્ડ પાસે માત્ર ફિલ્મને અટકાવી રાખવાનો રસ્તો બંધ થઈ ગયો હતો. સેન્સર બોર્ડે આખરે આ ફિલ્મને ૧૩ કટ્સ સાથે ેં/છ સર્ટિફિકેટ આપ્યું છે. સેન્સર બોર્ડની રીવાઈઝિંગ કમિટીએ 'ઈમરજન્સી'ની ટીમને ડિસ્ક્લેમર મૂકવા કહ્યું છે. કટોકટી સમયે બનેલી ઘટનાઓ દર્શાવતી વખતે 'સત્ય ઘટના આધારિત' અથવા 'નાટ્યાત્મક રૂપાંતરણ' શબ્દો લખવા કહેવાયું છે. સેન્સર બોર્ડનું માનવું છે કે, આ ડિસ્ક્લેમરથી ફિલ્મમાં દર્શાવેલી ઘટના સંપૂર્ણ સત્ય દર્શાવતી હોવાની છાપ ઊભી થશે નહીં. 'ચીને આસામને ભારતથી છૂટું કરી દીધું' હોવાનો ડાયલોગ જવાહરલાલ નેહરુ બોલી રહ્યા છે. આ ડાયલોગ હકીકત આધારિત હોવાનું સાબિત કરતાં ઐતિહાસિક પુરાવા સેન્સર બોર્ડે માગ્યા છે. અન્ય એક સીનમાં ભીંદરાનવાલે અને સંજય ગાંધી વચ્ચેની વાતચીત છે.

# પ્રોડ્યુસર વાસુ ભગનાનીનો દાવો: નેટફ્લિક્સે ચીટિંગ કર્યું

વાસુ ભગનાનીની મુશ્કેલીઓમાં એક પછી એક વધારો જ થઈ રહ્યો છે. તેમનાં પ્રોડક્શનની ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' નિષ્ફળ જતાં ફિલ્મના ડિરેક્ટર અલી અબ્બાસ ઝફરે પ્રોડ્ક્શન હાઉસ પર ૭.૩૦ કરોડના ચૂકવણા બાકી હોવાનો દાવો કર્યો હતો. હવે બીજી તરફ વાસુ ભગનાનીએ નેટફ્લિક્સ પર છેતરપિંડીનો આક્ષેપ કર્યો છે. એક અખબાર સાથે વાત કરતા વાશુ ભગનાનીએ કહ્યું હતું કે આ ઓટીટી પ્લેટફર્મે તેમની છેલ્લી ત્રણ ફિલ્મો બાબતે તેમના અધિકારોથી વિરુદ્ધ છેતરપિંડી અને કાવતરું ઘડ્યું છે. આ સંદર્ભે 'હિરો નં ૧', 'મિશન રાણીગંજ' અને 'બડે મિયાં છોટે મિયાં' આ ત્રણ ફિલ્મોની વાત કરવામાં આવી છે. નેટફ્લિક્સના એક નિવેદન મુજબ વાસુ ભગનાનીએ જે કંપની દ્વારા નટફ્લિક્સ ભારતમાં પોતાના કંન્ટેન્ટમાં રોકાણ કરે છે એવી લોસ ગેટોસ પ્રોડક્શન સર્વિસીસ ઈન્ડિયા, ઝૂ ડિજીટલ ઈન્ડિયા તેમજ આ બંને કંપનીના કેટલાક કર્મચારીઓ વિરુદ્ધ ફરિયાદ પણ નોંધાવી છે. નેટફ્લિક્સે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું, "આ દાવા બિલકુલ પાયાવિહોણા છે. ખરેખર તો પૂજા એન્ટરટેઈન્મેન્ટે નેટફ્લિક્સને પૈસા આપવાના બાકી છે. ભારતીય સર્જકો સાથે અમારો બહુ સારી ભાગીદારીનો ઈતિહાસ રહ્યો છે અને આ મુશ્કેલીનું નિરાકરણ લાવવા અમે અધિકારીઓ સાથે વાત કરી રહ્યાં છીએ."

# 'બોલિવૂડમાં આયોજન અને સાઉથમાં નવીનતાનું મહત્ત્વ'

**જુનિયર એનટીઆરને બંને ઈન્ડસ્ટ્રીની પદ્ધતિ વચ્ચેનો ફરક સમજાયો**

જુનિયર એનટીઆર હાલ 'વૉર ૨'નું શૂટિંગ કરી રહ્યો છે, ત્યારે તેણે સાઉથની ઈન્ડસ્ટ્રીની કામ કરવાની પદ્ધતિ અને નોર્થ એટલે કે બોલિવૂડમાં કામ કરવાની પદ્ધતિમાં ફરક વિશે વાત કરી હતી. 'આરઆરઆર'માં એનટીઆર એક કરિશ્મેટિક હિરો તરીકે જોવા મળ્યો હતો. હવે તેની 'દેવરા -પાર્ટ ૧' આવી રહી છે. તાજેતરમાં તેણે બોલિવૂડની ઈન્ડસ્ટ્રી અને સાઉથની ઈન્ડસ્ટ્રીમાં કામ કરવાની પદ્ધતિ ઘણી અલગ છે, તે અંગે વાત કરી હતી. સાથે જ તેમની કારકિર્દીમાં અલગ પ્રકારના દૃષ્ટિકોણે કેટલી મદદ કરી છે, તે અંગે પણ વાત કરી હતી. જુનિયર એનટીઆરે સાઉથની ઈન્ડસ્ટ્રીને 'કેઓટિકલી ઓર્ગેનાઈઝ્ડ' ગણાવી હતી. તેના કારણે જ ત્યાંના સેટ પર કામ કરીને લોકોમાં મૌલિકતા અને અલગ દૃષ્ટિકોણ વિકસે છે. તેમણે એમ પણ કહ્યું કે સાઉથની ઈન્ડસ્ટ્રીમાં ભલે લોકો ટાઈટ ડેડલાઈનમાં કામ કરતાં હોય, તેમ છતાં દરેક ક્ષણને જીવી લેવામાં માને છે. તેઓ કોઈ પણ આયોજનને ચોક્કસપણે વળગી રહેવાને બદલે સર્જનાત્મકતા સાથે કામ કરવામાં અને દરેક વખતે કામમાં નવીનતા લાવવામાં માને છે. તેના કારણે દરેક કલાકાર વૈવિધ્ય સાથે અને અલગ પ્રકારની શૈલી સાથે કામ કરી શકે છે. બોલિવૂડમાં સંપૂર્ણ પૂર્વ તૈયારીઓ અને ચોક્કસ આયોજન સાથે કામ કરવાની પ્રથા સાથે કામ કરવામાં આવે છે. હાલ તે આયાન મુખર્જીની 'વૉર ૨'માં કામ કરી રહ્યો છે, જે આદિત્ય ચોપરા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે. ત્યાં જુનિયર એનટીઆરને અલગ પદ્ધતિ જોવા મળી. અહીં બધું જ માળખાગત રીતે ચાલે છે અને ખુબ તૈયારી સાથે કામ કરવાનો માહોલ છે.




# સ્વરા ભાસ્કરના પતિ ફહાદ અહેમદ લડશે વિધાનસભાની ચૂંટણી

સ્વરા ભાસ્કરના પતિ ફહાદ સામાજિક આંદોલનો દ્વારા રાજકારણમાં આવ્યા અને સપામાં જોડાયા અને હવે ચૂંટણી મેદાનમાં ઉતરવા માટે તૈયાર છે. મુંબઈના અનુ શક્તિનગર વિધાનસભા ક્ષેત્રમાંથી તેમની ઉમેદવારી લગભગ નિશ્ચિત માનવામાં આવે છે. અબુ આઝમીના નેતૃત્વમાં ફહાદે સીટ જાહેર કર્યા વિના ગઈ કાલે એક મીટિંગ બોલાવી હતી, જેમાં સુપ્રિયા સુલે પણ તે હાજર હતા. મહારાષ્ટ્રમાં હજુ સુધી ન તો ચૂંટણી જાહેર કરવામાં આવી છે કે ન તો કોઈ પક્ષે સત્તાવાર રીતે બેઠક વહેંચણીની ફોર્મ્યુલા જાહેર કરી છે, પરંતુ નેતાઓ પહેલેથી જ તેમના પક્ષના ઉમેદવારોની સંભવિત બેઠકો માટે પ્રચાર કરી રહ્યા છે. સમાજવાદી પાર્ટી, જે સ્ફછ ગઠબંધનનો ભાગ છે, તેને મુંબઈના અનુ શક્તિનગર વિધાનસભા ક્ષેત્રમાંથી ટિકિટ મળવાની પૂરી આશા છે.આ સીટ પર અભિનેત્રી સ્વરા ભાસ્કરના પતિ ફહાદ અહેમદને મેદાનમાં ઉતારવામાં આવી શકે છે. આ બેઠક પરથી વર્તમાન ધારાસભ્ય દ્ગઝ્રઁના નવાબ મલિક છે. પરંતુ હાલમાં મલિક અજિત પવાર કેમ્પમાં છે અને તેમની તબિયત પણ ખરાબ છે. આવી સ્થિતિમાં મલિકના ચૂંટણી લડવાની આશા ઓછી છે. તેમની પુત્રી આ બેઠક પરથી ઉમેદવાર બની શકે છે. આવી સ્થિતિમાં સ્વરાના પતિ ફહાદ સાથે તેની સ્પર્ધા નિશ્ચિત માનવામાં આવે છે.સ્વરાના પતિ ફહાદ સામાજિક આંદોલનો દ્વારા રાજકારણમાં આવ્યા અને સપામાં જોડાયા અને હવે ચૂંટણી મેદાનમાં ઉતરવા માટે તૈયાર છે.



# જાહ્નવી કપૂર પર ભારે પડી ગઈ અભિનેત્રી શ્રદ્ધા કપૂર

જુનિયર દ્ગઈ, સૈફ અલી ખાન અને જાહ્નવી કપૂરની ફિલ્મ 'દેવરા : પાર્ટ ૧' આ અઠવાડિયે બોક્સ ઓફિસ પર રિલીઝ થઈ છે. ફિલ્મે પહેલા દિવસે બમ્પર કમાણી કરી છે, પરંતુ હિન્દી માર્કેટમાં તેનો રંગ ફિક્કો રહ્યો છે. જાન્હવી અને સૈફની હાજરી છતાં ફિલ્મ ૧૦ કરોડના આંકડા સુધી પણ પહોંચી શકી નથી. શ્રદ્ધા કપૂર અને રાજકુમાર રાવની ફિલ્મ 'સ્ત્રી ૨' એ ૪૪માં દિવસે પણ સારી કમાણી કરી છે.દેવરા : પાર્ટ ૧ એ શુક્રવારે પ્રથમ દિવસે કુલ ૮૨.૫ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે. પરંતુ હિન્દીમાં આ ફિલ્મ માત્ર ૭.૫ કરોડ રૂપિયાનો જ બિઝનેસ કરી શકી છે. તેણે તેલુગુમાંથી સૌથી વધુ ૭૩.૨૫ કરોડ રૂપિયાની કમાણી કરી છે. ફિલ્મના કન્નડ વર્ઝનએ ૩૫ લાખ રૂપિયાનો બિઝનેસ કર્યો છે, તમિલ વર્ઝને ૧ કરોડ રૂપિયાનો અને મલયાલમ વર્ઝને ૪૦ લાખ રૂપિયાનો બિઝનેસ કર્યો છે. ફિલ્મ વિશે જે પ્રકારની ચર્ચા હતી. તેના કારણે એવું માનવામાં આવતું હતું કે તેને હિન્દીમાં પણ બમ્પર ઓપનિંગ મળશે. પરંતુ આવું થયું નથી.શ્રદ્ધાની 'સ્ત્રી ૨' એ ૪૪માં દિવસે ૯૦ લાખ રૂપિયાનો બિઝનેસ કર્યો છે. પહેલી નજરે આ આવક તમને ઓછી લાગી શકે છે, પરંતુ તે ઓછી નથી. 'સ્ત્રી ૨'નું આ સાતમું અઠવાડિયું છે. તેના ઉપર દેવરાની રિલીઝ પછી એવું માનવામાં આવતું હતું કે 'સ્ત્રી ૨' માટે ૧૦ લાખ રૂપિયાની કમાણી કરવી પણ મુશ્કેલ હશે. દેવરા એક મોટા બજેટની ફિલ્મ છે અને તેની સ્ટારકાસ્ટ પણ મોટી છે. પરંતુ 'સ્ત્રી ૨' એ આ બધી બાબતોને ખોટી સાબિત કરી અને અપેક્ષા કરતા ઘણી સારી કમાણી કરી.દેવરાનું નિર્દેશન કોરાતાલા શિવા કરી રહ્યા છે. આ ફિલ્મ બે ભાગમાં બનાવવામાં આવશે. હાલમાં તેનો પ્રથમ ભાગ જ આવ્યો છે. ફિલ્મને સારો પ્રતિસાદ મળ્યો છે અને સમિક્ષકોએ પણ તેને યોગ્ય માર્ક્સ આપ્યા છે. જ્યારે 'સ્ત્રી ૨' અમર કૌશિક દ્વારા નિર્દેશિત કરવામાં આવી છે. આ હોરર-કોમેડી ફિલ્મમાં રાજકુમાર રાવ અને શ્રદ્ધા કપૂર ઉપરાંત પંકજ ત્રિપાઠી, અપારશક્તિ ખુરાના અને અભિષેક બેનર્જી મહત્વની ભૂમિકામાં છે.



# ફિલ્મ જોવાનો અધધ... ખર્ચ ગણાવી દેતાં મલ્ટિપ્લેક્સ એસો. નારાજ

**એક પરિવારનો મલ્ટિપ્લેક્સમાં ફિલ્મ જોવાનો ખર્ચ ૧૦ હજાર છે**

ધ મલ્ટિપ્લેક્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાએ ફિલ્મ મેકર કરણ જોહરના નિવેદન પર જવાબ આપ્યો છે. કરણે દાવો કર્યો હતો કે, જો એક પરિવાર ફિલ્મ જોવા જાય તો મલ્ટિપ્લેક્સમાં મોંઘી દાટ ટિકિટો અને ખાણી પીણીના ઊંચા દામને કારણે લભગ એક ફિલ્મ પાછળ દસ હજાર જેટલ ખર્ચ થઈ જતો હોય છે. ત્યારે મલ્ટિપ્લેક્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાએ નિવેદન જાહેર કર્યું છે કે, જો ચાર સભ્યોનો એક પરિવાર મલ્ટિપ્લેક્સમાં ફિલ્મ જોવા જાય તો તેનો ખર્ચ કરણ જોહર સૂચવે છે, તેના દસમા ભાગનો જ હોઈ શકે છે. કરણ જોહર તાજેતરમાં એક રાઉન્ટ ટેબલ ડિસ્કશનમાં હાજર રહ્યો હતો. ત્યાં તેણે કહ્યું કે એક પરિવારના બધાં જ સભ્યો એક સાથે લગભગ વર્ષમાં બે વખત ફિલ્મ જોવા જતાં હોય છે. તો એક પરિવાર આકસાથે ફિલ્મ જોવા જાય તો તેનો ખર્ચ લગભગ દસ હજાર જેટલો થઈ જાય છે. કરણ જોહરે એવું પણ કહેલું કે, આ કારણોસર ઘણા પરિવારોએ ફિલ્મ જોવા જવાનું બંધ કરી દીધું છે, આ વર્ગનો ફિલ્મની આવકમાં સિંહફાળો હતો. મલ્ટિપ્લેક્સ એસોસિએશનના મતે મલ્ટિપ્લેક્સમાં ૨૦૨૩માં નક્કી થયેલી કિંમતો મુજબ સરેરાશ ૧૩૦ રૂપિયાની ટિકિટ હોય છે. જ્યારે દેશની સૌથી મોટી મલ્ટિપ્લેક્સ ચેઈન પીવીઆર આઈનોક્સમાં વધુમાં વધુ ટિકિટ ૨૫૮ રૂપિયા નોંધાઈ છે તેમજ નાણાકીય વર્ષ ૨૩-૨૪માં ખાણીપીણી પર સરેરાશ ખર્ચ૧૩૨ થાય છે. એસોસિએશનના પ્રમુખ કમલ જ્ઞાનચંદાનીએ કહ્યું,"આ રીતે ગણીએ તો એક પરિવારના ચાર સભ્યોનો ખર્ચ લગભગ ૧૫૬૦ થાય છે.




|| દયાળુ જય સ્વામિનારાયણ ||
DevAashish®
Where Dreams Come Home
જોશો એટલે દિલ કહેશે
‘ઘર હોય તો દેવ આશિષનું!’
AT NARODA
Dev Aashish pride & plaza
3 BHK - 63.88L*
• Possession Shortly • Sample House Ready
• Allotted Car Parking • 100% Dastavej
7874 00 40 00
GUJRERA.GUJARAT.GOV.IN RERA NO: PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/MAA06419/041219
B/h Capital Commercial Complex, Nr. Sahitya Hill and Icon, Naroda, Ahmedabad
FEW UNITS LEFT
Dev Aashish Sky
2 BHK - 34.96L*
• Sample House Ready • Ready Possession
• Allotted Car Parking • 100% Dastavej
Dev Aashish Sky Hanspura, 200ft Road, Naroda-Dehgam Road, Ahmedabad
78 78 78 6494
GUJRERA.GUJARAT.GOV.IN RERA NO: PR/GJ/AHMEDABAD/DASKROI/AUDA/MAA07349/190820
Dev Aashish pride+
2 BHK - 50.80L* | 3 BHK - 69.60L*
• Sample House Ready • 100% Dastavej
7874 00 40 00
GUJRERA.GUJARAT.GOV.IN RERA NO: PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/MAA10947/181122
Nr. Dev Aashish Pride & Plaza, 200 Ft. Road, Naroda-Dehgam Road, Ahmedabad.
FEW UNITS LEFT
2 BHK - 46.40L* | 3 BHK - 62.56L*
• 100% Dastavej
Dev Aashish Z+
Dev Aashish Z+ Opp. Hanspura Residency, Nr. D-Mart, Naroda-Dehgam Road, Ahmedabad
9512 381 381
GUJRERA.GUJARAT.GOV.IN RERA NO: PR/GJ/AHMEDABAD/DASKROI/AUDA/RAA08919/210821

રૂ. ૫૦૦ની નોટ પર ગાંધીજી કે અનુપમ ખેર?

# ગઠિયાઓની કરતૂત જોઈ અનુપમ ખેર પોતે પણ મૂકાયા આશ્ચર્યમાં

## અભિનેતાએ પોતાના એક્સ હેન્ડલ પર વીડિયો પોસ્ટ કર્યો

। મુંબઈ, તા.૩૦ ।

આજકાલ ટેક્નોલોજીના યુગમાં કંઈ પણ શક્ય છે. ખાસ કરીને જ્યારથી આ છૈં આવ્યું છે ત્યારથી વસ્તુઓ વધુ ખરાબ થઈ રહી છે. આ દરમિયાન સેલેબ્સના ડીપ ફેક વીડિયો વાયરલ થઈ રહ્યા હતા. અને હવે ૫૦૦ રૂપિયાની નોટ પર મહાત્મા ગાંધીની જગ્યાએ અનુપમ ખેરનો ફોટો છપાયો છે. જેનો વિડિયો ખુદ અભિનેતાએ ઈન્સ્ટાગ્રામ પર શેર કરીને આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. ચાહકો આ વિડિયો પર અલગ અલગ પ્રતિક્રિયા આપી રહ્યા છે. અમદાવાદના એક વેપારી સાથે ૧.૩૦ કરોડની ડુપ્લીકેટ નોટો આપી ઠગાઈ થતાં પોલીસ ફરિયાદ નોંધાવી છે. ત્યારે પોલીસે તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીઓ સોનું પડાવવા માટે સીજી રોડ પર આંગડિયા પેઢીના નામે બનાવટી ઓફિસ પણ શરૂ કરી હતી. આ અંગે નવરગપુરા પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

અમદાવાદમાંથી છેતરપિંડીનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. એક છેતરપિંડી કરનારે એક બિઝનેસમેનને અનુપમ ખેરની તસ્વીર સાથે છપાયેલી ચલણી નોટો આપીને કરોડો રૂપિયાની છેતરપિંડી કરી છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના ફોટાને બદલે ૫૦૦ રૂપિયાની નોટ પર અભિનેતા અનુપમ ખેરનો ફોટો છપાયો હતો. આ વીડિયો જોઈને અભિનેતા પોતે પણ ચોંકી ગયો હતો અને તેણે પોતાના એક્સ હેન્ડલ પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો અને એક ટ્વિટ લખ્યું હતું. તેણે લખ્યું, ૫૦૦ રૂપિયાની નોટ પર ગાંધીજીના બદલે મારો ફોટો? કંઈપણ થઈ શકે છે'! આ સાથે અભિનેતાએ આશ્ચર્યજનક ઈમોજીસ બનાવી છે. છેતરપિંડીની નવી રીતો બહાર આવી રહી છે. એક અનોખો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં એક છેતરપિંડી કરનારે એક બિઝનેસમેન સાથે કરોડોની છેતરપિંડી કરી છે. છેતરપિંડી કરનારે વેપારીને નકલી નોટોના બંડલ આપ્યા, જેના પર મહાત્મા ગાંધીની નહીં પણ અભિનેતા અનુપમ ખેરની તસવીર છપાયેલી હતી.

રોકાણકારોને ૩.૭૦ લાખ કરોડ રૂપિયાનું નુકસાન

# શેર બજારમાં હાહાકાર, સેન્સેક્સ ૧૩૦૦, નિફ્ટી ૩૭૦ પોઈન્ટ તૂટ્યો

## સેન્સેક્સ ઘટાડા સાથે ૮૪,૨૯૯ અંક પર બંધ : બજારમાં સૌથી મોટી નફાખોરી બેન્કિંગ શેરોમાં જોવા મળી : નિફ્ટી બેન્ક પણ ૮૫૭ અંક ગગડીને બંધ થયો

। મુંબઈ, તા.૩૦ ।

સપ્ટેમ્બર ૨૦૨૪ના છેલ્લા વેપારી સત્રમાં શેર બજારમાં ભારે ઘટાડો જોવા મળ્યો. આખા મહિના દરમિયાન બજારમાં રહેલા તેજીના ઉત્સાહ પર પાણી ફેરવી દીધું છે. મહિનાના છેલ્લા સત્રમાં સેન્સેક્સ અને નિફ્ટી ઉંધે માથે પટકાયા છે. બેન્કિંગ ઓટો સેક્ટરના સ્ટોક અને શેર બજારની સૌથી મોટી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરોની ભારે ઘટાડાને કારણે બજારમાં આ ઘટાડો જોવા મળી છે. આજનો વેપાર પૂરો થતાં મ્જીઈ સેન્સેક્સ ૧૨૭૨ અંકના ઘટાડા સાથે ૮૪,૨૯૯ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૩૬૮ અંકના ઘટાડા સાથે ૨૫,૮૧૧



અંક પર બંધ થયો છે. શેર બજારમાં જોરદાર ઘટાડાને કારણે આજના સત્રમાં રોકાણકારોને ભારે નુકસાન થયું છે. મ્જીઈ પર લિસ્ટેડ સ્ટોક્સનું માર્કેટ કેપ ઘટીને ૪૭૪.૨૫ લાખ કરોડ રૂપિયા પર બંધ થયું છે જે અગાઉના સત્રમાં ૪૭૭.૯૩ લાખ કરોડ રૂપિયા પર બંધ થયું હતું. એટલે કે આજના સેશનમાં રોકાણકારોને ૩.૬૮ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

બજારમાં સૌથી મોટી નફાખોરી બેન્કિંગ શેરોમાં જોવા મળી છે. નિફ્ટી બેક્ર પણ ૮૫૭ અંક ગગડીને બંધ થયો છે. આ ઉપરાંત ઓટો અને ૈં સ્ટોક્સમાં પણ ગિરાવટ રહી. ફાર્મા, હ્લસ્ઝ્રય, એનર્જી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, હેલ્થકેર, ઓઈલ એન્ડ ગેસ સેક્ટરના શેરોમાં પણ વેચવાલી રહી. માત્ર મેટલ્સ અને મીડિયા સ્ટોક્સ તેજી સાથે બંધ થયા. આજના ટ્રેડમાં મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ ગિરાવટ જોવા મળી છે. વિશ્લેષકો માને છે કે શેરબજારમાં ઘટાડાનું મુખ્ય કારણ વિદેશી રોકાણકારો દ્વારા ભારે વેચવાલી હતી. આજે શેરબજારમાં હ્લૈંએ જંગી નફો બુક કર્યો હતો. આ સિવાય આજે યુએસ સેન્ટ્રલ બેંક ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલ નીતિગત વ્યાજ દરો પર ભાષણ આપશે. બજારના રોકાણકારોની નજર આજે મોડી રાત્રે તેમના ભાષણ પર છે.

ન્યૂઝ બ્રિફ



### મહારાષ્ટ્રમાં ૧૦ દિવસમાં સીટ-શેરિંગ અંગે નક્કી થશેઃ પવાર

। મુંબઈ, તા.૩૦ ।

મહાવિકાસ અઘાડી મહારાષ્ટ્ર વિધાનસભાની આગામી ચૂંટણી માટે ૮થી ૧૦ દિવસમાં તેની બેઠકોની વહેંચણીની વાટાઘાટો પૂર્ણ કરશે. વિપક્ષી ગઠબંધને રાજ્યમાં સત્તામાં આવવા માટે ''કોઈપણ ભોગે'' પ્રયાસ કરવો પડશે તેમ એનસીપીના વડા શરદ પવારે રવિવારે જણાવ્યું હતું. જેમણે પાર્ટી છોડી છે તેમને નિશાન બનાવતાં પવારે દાવો કર્યો હતો કે રાજ્યમાં આમાંથી ગણાગાંઠ્યા લોકો પણ ચૂંટણી નહિ જીતે. રાજ્યમાં ચૂંટણી નવેમ્બરના મધ્યમાં યોજાશે તેવી સંભાવના વ્યક્ત કરતાં પવારે ઉમેર્યુ હતું કે માત્ર ઉમેદવારોની પસંદગીના આધારે જ જીત શક્ય છે. 'તમે તમામ સીટો જીતી ન શકો અને સાથેના અન્ય ઉમેદવારોને મેદાનમાં ઉતારવા અન્ય ભાગીદારોનો સાથ લેવો પડશે. અમારે કોઈપણ ભોગે અમારી સરકાર રચવી પડશે' તેમ જણાવતાં પવારે ઉમેર્યુ હતું કે એમવીએના ગઠબંધનો ઉમેદવારોની પસંદગી મામલે પાર્ટીના કાર્યકરોના અભિપ્રાયો માગશે. દરેક તાલુકાનો સર્વે પણ કરાઈ રહ્યો છે. પવારે ઉમેર્યુ હતું કે રાજકીય પક્ષો તેમના પોતાના નિર્ણય લઈ શકે છે. પરંતુ કાર્યકરો લોકો સાથે સીધીરીતે સંકળાયેલા હોય છે. જે અમને છોડીને ગયા છે.

### ઇઝરાયેલના હવાઈ હુમલાથી લેબનોનમાં ફરીવાર તબાહી

। નવી દિલ્હી, તા.૩૦ ।

ઈઝરાયેલ અને લેબનોન વચ્ચે ચાલી રહેલો સંઘર્ષ સતત વધી રહ્યો છે. લેબનીઝ આરોગ્ય મંત્રાલયે માહિતી આપી હતી કે ગયા રવિવારે ઈઝરાયેલી સેનાએ બે અલગ-અલગ વિસ્તારોમાં હવાઈ હુમલા કર્યા હતા, જેમાં ઓછામાં ઓછા ૪૫ લોકો માર્યા ગયા હતા અને ૭૬ ઘાયલ થયા હતા. મળતી માહિતી મુજબ, આ હુમલો દક્ષિણ લેબનીઝ ગામ આઈન અલ-ડેલ્બ અને પૂર્વી લેબનોનની બેકા ઘાટીમાં બાલબેક-હરમેલ વિસ્તારમાં કરવામાં આવ્યો હતો. ઈઝરાયેલના તીવ્ર બોમ્બમારોને કારણે હજારો લેબનીઝ નાગરિકોને તેમના ઘર છોડીને અન્ય સ્થળોએ ભાગવું પડી રહ્યું છે. હવાઈ હુમલામાં ઈમારતો ધ્વસ્ત થઈ ગઈ છે. મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર નાશ પામ્યું છે. તમને જણાવી દઈએ કે ઈઝરાયેલ આ હુમલો હિઝબુલ્લાહ આતંકવાદીઓને ખતમ કરવા માટે કરી રહ્યું છે. તાજેતરમાં હસન નસરાલ્લાહની હત્યા બાદ ઈઝરાયેલનું મનોબળ ચરમસીમા પર છે. દેશના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ સ્પષ્ટ કર્યુ છે કે તેઓ કોઈપણ કિંમતે આ હુમલાને રોકવાના નથી.

### પોતાની જાત સાથે લગ્ન કરનાર ૨૬ વર્ષીય ઇન્ફ્લુઅન્સરે કરી આત્મહત્યા

। મુંબઈ, તા.૩૦ ।

સોશિયલ મીડિયામાં મૂકી હતી પોસ્ટતુર્કીની પ્રખ્યાત ઈન્ફ્લુઅન્સર કુબ્રા અકયુત્મનું અવસાન થયું છે. ૨૬ વર્ષીય ઈન્ફ્લુઅન્સરનું તેની બિલ્ડિંગના પાંચમા માળેથી પડી જવાથી મોત થયું હતું. પ્રાથમિક તપાસમાં આ મામલાને આત્મહત્યાનો ગણાવવામાં આવી રહ્યો છે કારણ કે પોલીસને ઘટના સ્થળેથી એક સુસાઈડ લેટર પણ મળી આવ્યો છે. આ સમાચાર સાંભળીને ચાહકોને ભારે આઘાત લાગ્યો છે. ચાહકો માની શકતા નથી કે કુબ્રા હવે આ દુનિયામાં નથી. આવો તમને જણાવીએ શું છે સમગ્ર મામલો. ઈસ્તાંબુલમાં, ઈન્ફ્લુઅન્સર કુબ્રા અકયુટમે તેના એપાર્ટમેન્ટની બાલ્કનીમાંથી કૂદીને આત્મહત્યા કરી. ૨૩ સપ્ટેમ્બરે બનેલી આ ઘટનાએ બધાને ચોંકાવી દીધા છે. ઈન્ફ્લુઅન્સરના ઘણા ચાહકો હતા, તેના પ્રશંસકોની કોઈ કમી ન હતી પરંતુ જો અહેવાલોનું માનીએ તો તે તેના અંગત જીવનથી પરેશાન હતી. તમને જણાવી દઈએ કે ઈન્ફ્લુઅન્સર વર વગર લગ્ન કરવા માટે જાણીતી થઈ હતી. તેણે વરરાજા વિના તુર્કીમાં જ લગ્ન કર્યા ત્યારથી તેના ફેન ફોલોઈંગમાં ઘણો વધારો થયો છે.

તેમની અદ્ભુત સિનેમેટિક સફર પેઢીઓને પ્રેરણા આપે છે!

### મિથુન ચક્રવર્તીને દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરાશે

૮ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ યોજાનાર રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં અભિનેતાને એવોર્ડ એનાયત કરાશે

। મુંબઈ, તા ૩૦ ।

વરિષ્ઠ બોલિવૂડ અભિનેતા મિથુન ચક્રવર્તીને દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરાશે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે ઠ પર સમાચાર શેર કર્યા. તેમણે લખ્યું, ×મિથુન દાની અદ્ભુત સિનેમેટિક સફર પેઢીઓને પ્રેરણા આપે છે! દાદાસાહેબ ફાળકે પસંદગી જ્યુરીએ સુપ્રસિદ્ધ અભિનેતા શ્રી મિથુન ચક્રવર્તી જીને તેમના પ્રતિષ્ઠિત યોગદાન માટે પુરસ્કાર આપવાનો નિર્ણય કર્યો છે. ૮ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ યોજાનાર ૭૦મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં અભિનેતાને એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે.મોટી સિદ્ધિ પર પ્રતિક્રિયા આપતા મિથુને છદ્ગૈંને કહ્યું, ×હું કેવું અનુભવું છું તે વ્યક્ત કરવાની મારી પાસે કોઈ ભાષા નથી. ના હું હસી શકતો નથી, કે હું ખુશીમાં રડી શકતો નથી, કોલકાતાના બાયલેન્સ, આવી જગ્યાનો એક છોકરો આટલું સન્માન જીતી રહ્યો છે... હું આની કલ્પના પણ કરી શકતો નથી, હું આ મારા પરિવાર અને સમગ્ર વિશ્વમાં મારા ચાહકોને સમર્પિત કરું છું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અભિનેતાને અભિનંદન પાઠવ્યા હતા. ×ભારતીય સિનેમામાં તેમના અપ્રતિમ યોગદાનને માન્યતા આપતા શ્રી મિથુન ચક્રવર્તીજીને પ્રતિષ્ઠિત દાદા સાહેબ ફાળકે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો એનો આનંદ. તેઓ એક સાંસ્કૃતિક પ્રતિક છે, તેમના બહુમુખી અભિનય માટે પેઢીઓથી પ્રશંસનીય છે. તેમને અભિનંદન અને શુભેચ્છાઓ.×

×અત્યંત ગર્વ અને સન્માનની લાગણી અનુભવું છું. મારા પિતા સ્વયં નિર્મિત સુપરસ્ટાર અને એક મહાન નાગરિક છે. તેમની જીવન યાત્રા લાખો લોકો માટે પ્રેરણારૂપ છે.

આ સાથે જ ૪૨ લોકો ગુમ થયાના અહેવાલો છે

# નેપાળમાં સતત વરસાદ બાદ પૂર અને ભૂસ્ખલનથી કુલ ૧૭૦ના મોત

## પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે, ૪૦-૪૫ વર્ષમાં કાઠમંડુ વેલીમાં આટલા વિનાશક પૂરની તબાહી ક્યારેય જોઈ નથી । લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે

। કાઠમંડુ, તા. ૩૦ ।

ભારતના પાડોશી દેશ નેપાળમાં વરસાદના કારણે પૂર અને ભૂસ્ખલનમાં જીવ ગુમાવનારા લોકોની સંખ્યા ૧૭૦ પર પહોંચી ગઈ છે. આ સાથે જ ૪૨ લોકો ગુમ થયાના અહેવાલો છે. અધિકારીઓએ જણાવ્યું કે, પૂર્વી અને મધ્ય નેપાળના મોટા ભાગો શુક્રવારથી ડૂબી ગયા છે અને દેશના ઘણા ભાગોમાં અચાનક પૂરના અહેવાલો છે. પૂરને કારણે નેપાળમાં ઓછામાં ઓછા ૩૨૨ મકાનો અને ૧૬ પુલોને નુકસાન થયું છે. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે, તેઓએ ૪૦-૪૫ વર્ષમાં કાઠમંડુ વેલીમાં આટલા વિનાશક પૂર અને પાણીની તબાહી ક્યારેય જોઈ નથી.

ગૃહ મંત્રાલયના અધિકારીઓના જણાવ્યા અનુસાર પૂર, ભૂસ્ખલન અને પાણીમાં ડૂબી જવાને કારણે ૪૨ લોકો ગુમ છે. ગૃહ મંત્રાલયના



પ્રવક્તા ઋષિરામ પોખરેલે જણાવ્યું કે, ''પૂર સંબંધિત ઘટનાઓમાં ૧૧૧ લોકો ઘાયલ થયા છે. તમામ સુરક્ષા એજન્સીઓની મદદથી સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. નેપાળ સેનાએ દેશભરમાંથી ૧૬૨ લોકોને એરલિફ્ટ કર્યા છે. નેપાળ આર્મી, નેપાળ પોલીસ અને સશસ્ત્ર પોલીસ દળના જવાનો દ્વારા પૂર અને જળબંબાકારથી પ્રભાવિત ૪,૦૦૦ લોકોને બચાવવામાં આવ્યા છે.''

અધિકારીઓએ જણાવ્યું કે, બચાવી લેવામાં આવેલા લોકોને ખાદ્ય સામગ્રી સહિત તમામ જરૂરી રાહત સામગ્રી આપવામાં આવી છે. પ્રવક્તાએ કહ્યું કે, કાઠમંડુની બહારના બલ્ખુ વિસ્તારમાં સામાજિક કાર્યકરોની મદદથી ૪૦૦ લોકોને ભોજનનું વિતરણ કરવામાં આવ્યું હતું.

નેશનલ હાઈવે શનિવારથી બ્લોક થઈ ગયો છે, ભૂસ્ખલનને કારણે સેંકડો લોકો ઘણા હાઈવે પર ફસાયેલા છે. પૂર અને ભૂસ્ખલનને કારણે જ્યાં રસ્તાઓ અવરોધિત છે તે રાષ્ટ્રીય ધોરીમાર્ગોને ખાલી કરવાના પ્રયાસો ચાલુ છે. ગૃહ મંત્રાલયના પ્રવક્તા પોખરેલે જણાવ્યું હતું કે, કાઠમંડુને અન્ય જિલ્લાઓ સાથે જોડતો મુખ્ય જમીન માર્ગ ત્રિભુવન હાઈવે પર પરિવહન ફરી શરૂ થયું છે.પૂરને કારણે નેપાળમાં ઓછામાં ઓછા ૩૨૨ મકાનો અને ૧૬ પુલોને નુકસાન થયું છે.

### શાંતિ માટે તરસી, હવે ઘર છોડીને...', ઝહીર સાથે લગ્ન કરીને પસ્તાઈ સોનાક્ષી સિંહા!

। મુંબઇ, તા.૩૦ ।

સોનાક્ષી સિહા અને ઝહીર ઈકબાલના લગ્ન હાલમાં ચર્ચાનો વિષય બન્યા છે. કારણ કે અભિનેત્રીએ હિંદુ હોવા છતાં મુસ્લિમ ધર્મના પોતાના બોયફ્રેન્ડ સાથે લગ્ન કર્યા હતા. સોનાક્ષીના પતિ ઝહીર પર 'લવ જેહાદ'નો પણ આરોપ હતો પરંતુ આ બધાની પરવા કર્યા વિના બંને ખુશહાલ જીવન જીવી રહ્યા છે. સોનાક્ષીએ એક ઈવેન્ટમાં હાજરી આપી હતી અને ત્યાં તેણે તેના પતિ ઝહીર સાથેના સંબંધો વિશે ખુલીને વાત કરી હતી.

સોનાક્ષી અને ઝહીરને એકબીજાની એક સારી અને એક ખરાબ આદત વિશે પૂછવામાં આવ્યું તો ઝહીરે સોનાક્ષીના વખાણ કર્યા હતા.

### તુસાદ મ્યુઝિયમમાં રામ ચરણની મીણની પ્રતિમા સ્થાપિત કરાશે

। મુંબઇ, તા.૩૦ ।

સાઉથના સુપરસ્ટાર રામ ચરણ આ દિવસોમાં પોતાની આગામી ફિલ્મ 'ગેમ ચેન્જર'ને લઈને ચર્ચામાં છે. ગઈકાલે જ તેની ફિલ્મના બીજા ગીતનો પ્રોમો વિડિયો રિલીઝ થયો હતો, જે અભિનેતાનું પરિચય ગીત હતું. આ જોયા પછી, અભિનેતાના ચાહકો ફિલ્મ માટે વધુ ઉત્સાહિત થઈ ગયા. તે જ સમયે, આ બધાની વચ્ચે, રામ ચરણ સાથે જોડાયેલા એક મોટા અને સારા સમાચાર સામે આવ્યા છે, જે અભિનેતાના ચાહકોને ઉત્સાહિત કરશે. ખરેખર, સમાચાર છે કે ટૂંક સમયમાં જ સિંગાપુરના મેડમ તુસાદમાં રામ ચરણની મીણની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવશે.

હવે સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવી છે કે મેડમ તુસાદ સિંગાપોરમાં રામ ચરણની મીણની પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે. તાજેતરમાં એક કાર્યક્રમ દરમિયાન આ જાહેરાત કરવામાં આવી હતી. રસપ્રદ વાત એ છે કે તેમાં એક ખાસ મહેમાન પણ સામેલ હશે જે દરેકને પસંદ હોય. મેડમ તુસાદ ખાતે રામ ચરણની પ્રતિમામાં તેમના પ્રિય મિત્ર રાઈમ દર્શાવવામાં આવશે.

તિરુપતિ લાડુમાં ચરબી અંગેના વિવાદમાં સુપ્રીમ લાલઘૂમ

કોર્ટમાં દાખલ કરાયેલી અરજીઓમાં ચંદ્રબાબુ નાયડુએ કારેલા આરોપોની કોર્ટની નજર હેઠળ તપાસની માંગ

# આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીએ ભગવાનને રાજકારણથી દૂર રાખવાની જરૂર : સુપ્રીમ

। નવી દિલ્હી, તા.૩૦ ।

તિરુપતિ લાડુમાં ચરબી અંગેના વિવાદમાં સુપ્રીમ કોર્ટ બરાબરની લાલઘૂમ થઈ. સુપ્રીમ કોર્ટના જજોએ કહ્યું કે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીએ ભગવાનને રાજકારણથી દૂર રાખવાની જરૂર હતી. જો પ્રસાદીમાં ભેળસેળનો રિપોર્ટ બે મહિના અગાઉ આવી ગયો હતો તો નિવેદન જાહેર કરવામાં વિલંબ કેમ કર્યો?

સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ બી.આર.ગઈ અને જસ્ટિસ કે.વી.વિશ્વનાથની બેન્ચે સુનાવણી વખતે કહ્યું કે પ્રસાદ ત્યારે કહેવાય છે જ્યારે તેને ભગવાનને ચઢાવી દેવામાં આવે છે. એના પહેલા તો તે મીઠાઈ જ હોય છે. એટલા માટે ભગવાન-ભક્તોનો હવાલો ન આપશો. ભગવાનને રાજકારણથી દૂર રાખજો.



જસ્ટિસ બી.આર. ગવઈ અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથનની બેંચ સમક્ષ સુબ્રમણ્યમ સ્વામીના વકીલે કહ્યું કે પ્રસાદ બનાવવા માટે વપરાતી સામગ્રી તપાસ્યા વિના રસોડામાં જઈ રહી હતી. તપાસમાં આ અંગે ખુલાસો થયો છે. તેના પર નજર રાખવાની જવાબદારી તંત્રની હોય કારણ કે સિસ્ટમ તેની દેખરેખ માટે જવાબદાર હોવી જોઈએ કારણ કે પ્રસાદ દેવતાને અર્પણ થાય છે અને જનતા અને ભક્તો માટે તે સૌથી પવિત્ર ગણાય છે.

કોર્ટમાં દાખલ કરાયેલી અરજીઓમાં આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ દ્વારા કરાયેલા આરોપોની કોર્ટની નજર હેઠળ તપાસની માંગ કરવામાં આવી છે. અરજદારોનો દાવો છે કે તિરુપતિ મંદિરમાં લાડુ બનાવવામાં પ્રાણીઓની ચરબી અને માછલીના તેલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. દરમિયાન લાડુમાં વપરાતા પ્રસાદમ અને ઘીની ગુણવત્તા ચકાસવા માટે રાજ્ય સરકારની એક સોસાયટી તિરુપતિમાં છે.

બીજો ચંદ્ર મળ્યો | ૨૦૨૪ PT-5 નામનો લગભગ 33 ફૂટ પહોળી આ એસ્ટેરોઇડ આશરે ૨,૨૦૦ માઈલ પ્રતિ કલાકની ઝડપે આગળ વધશે

# પૃથ્વી પરથી બે ચંદ્ર દેખાયા! મિની મૂન બે મહિના સુધી ફરશે

। નવી દિલ્હી, તા.૩૦ ।


એક અનોખા ઘટનાક્રમમાં પૃથ્વીવાસીઓને રવિવારે બીજો ચંદ્ર મળ્યો છે. વાસ્તવમાં તે એક એસ્ટરોઈડ છે, જેને વૈજ્ઞાનિકોએ મિની મૂન અથવા ૨૦૨૪ PT5 નામ આપ્યું છે. આ મીની મૂન અસ્થાયી રૂપે ૨૫ નવેમ્બર સુધી પૃથ્વીની પરિક્રમા કરશે. મિની મૂનના આગમનથી અવકાશ પ્રેમીઓમાં રસ વધ્યો છે.

જો કે, તેના નાના કદ અને ઓછા તેજને કારણે આપણને તે નરી આંખે દેખાશે નહીં. તેને સામાન્ય દૂરબીનથી પણ



જોઈ નહીં શકાય, પરંતુ તેની ઝલક મેળવવા માટે ખગોળીય દૂરબીનની જરૂર પડશે. ૨૦૨૪ PT5 નામની આ એસ્ટેરોઈડ નાસા દ્વારા આ વર્ષે ૭ ઓગસ્ટે જોવા મળી હતી. તેની ઉત્પત્તિ અર્જુન એસ્ટેરોઈડ પટ્ટામાંથી થઈ છે. તેમાં પૃથ્વી જેવા ખડકો છે. તે લગભગ ૩૩ ફૂટ પહોળું છે. તે પૃથ્વીની આસપાસ સંપૂર્ણ પરિક્રમા નહીં કરે. આગળ વધતા પહેલા પૃથ્વીના ગુરુત્વાકર્ષણને કારણે તેની ભ્રમણકક્ષામાં થોડો ફેરફાર થશે. તેની ઝડપ આશરે ૨,૨૦૦ માઈલ પ્રતિ કલાક છે.

આ ચંદ્ર ખૂબ જ ઓછા સમય માટે આપણી પૃથ્વીની પાસે રહેશે. યુનિવર્સિડેડ કોમ્પ્લુટેન્સ ડી મેડ્રિડના સંશોધક કાર્લોસ ડે લા ફુએન્તે માર્કોસ અને રાઉલ ડે લા ફુએન્તે માર્કોસના એક સંશોધન અહેવાલ મુજબ ૨૦૨૪ પીટી-૫ નામની એક નાની એસ્ટેરોઈડ ૨૯ સપ્ટેમ્બરથી ૨૫ નવેમ્બર સુધી પૃથ્વીની પરિક્રમા કરશે. આ પહેલા તાજેતરમાં લગભગ ૧૦ મીટર પહોળા આ એસ્ટેરોઈડની શોધ કરાઈ હતી. પૃથ્વીએ પહેલા પણ નાના-નાના ચંદ્રમાઓને પોતાની તરફ ખેંચ્યા છે. ૨૦૦૬માં એક એસ્ટેરોઈડ લગભગ એક વર્ષ સુધી પરિક્રમા કરતી રહી હતી. આ સંશોધનમાં જણાવવામાં આવ્યું છે કે ૨૦૨૪ પીટી-૫ કુલ ૫૬ દિવસ માટે ધરતીના ગુરુત્વાકર્ષણને લીધે તેની તરફ ખેંચાઈ જશે. વૈજ્ઞાનિકોએ જણાવ્યું કે, ૨૦૨૪ પીટી-૫ અંતરિક્ષમાં પરત જવા પહેલા એક વાર પૃથ્વીનું ચક્કર લગાવશે. આ ઘટનાને 'અસ્થાયી ફ્લાઈબાઈ'ના તરીકે ઓળખવામાં આવે છે.




+91 95370 00497 | 77779 20026

Near S.B. Farm, New Shahibaug, Nana Chiloda - 382330

RERA NO. PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY.AUDA/MAA11835/230523 | GUJRERAR1.GUJARAT.GOV.IN

FOR LOCATION

**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya